Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 71 Dt.04-01-2023 (Wednesday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

## ગુજરાત આમ આદમી પાર્ટીના સંગઠનમાં મોટાપાયે ફેરફારો



ઈસુદાન ગઢવીને પ્રદેશ અધ્યક્ષ બનાવાયા, સૌરાષ્ટ્રના કાર્યકારી પ્રમુખ તરીકે જગમાલ વાળા



ગોપાલ ઈટાલીયાને નેશનલ જોઈન્ટ સેક્રેટરી અને મહારાષ્ટ્રના પ્રભારી પણ બનાવાયા

### ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીની જાહેરાતઃ તમામ પાસાઓની ચકાસણી થશે

# પાલીતાણા તોડફોડ ઘટના અંગે ટાસ્કફોર્સની રચના કરાઈ

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૪

સમેત શિખર તેમજ પાલીતાણા જૈન દેરાસરમાં તોડફોડ મુદ્દાઓ પર આંદોલન ચલાવી રહેલા જૈન સમાજના રોષ અને લાગણી તથા માંગણીને ધ્યાનમાં લઈને રાજ્ય સરકારે પાલીતાણાની ઘટના અંગે ટાસ્કફોર્સ રચવાની જાહેરાત કરી છે. આજે સવારે ગુજરાત કેબિનેટની બેઠક પહેલા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ જાહેરાત કરી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં કોરોના સ્થિતિ, રસીકરણ, જી-૨૦ બેઠકોની આયોજનની તૈયારીઓ આગામી બજેટ વગેરે મુદ્દાઓ પર કેબિનેટમાં સઘન ચર્ચા- વિચારણા કરવામાં આવી હતી.

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અદયક્ષ સ્થાને કેબિનેટ બેઠકમાં અનેક મુદ્દાઓ પર ચર્ચા વિચારણા

અમદાવાદ અને રાજ્યમાં યોજનારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની તૈયારીઓ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. કોવિડ પ્રોટોકોલ સાથે મહોત્સવ યોજવા અંગે પણ ચર્ચા થઇ હતી. ગુજરાતના ઈ-સરકાર પ્રોજેક્ટ, તમામ મંત્રાલયોના કામગીરીના રીપોર્ટ તેમજ અન્ય નીતિ-વિષયક બાબતો પર સઘન ચર્ચા કરવામાં આવી હતી અને શ્રેણીબધ્ધ પગલા અંગે નિર્ણયો લેવામાં આવ્યા હતા. ગુજરાત સરકારના બજેટ અંગે પણ આયોજનની વિચારણા કરવામાં આવી હતી. રાજ્યની કોરોના પરિસ્થિતિ તેમજ વેક્સિનેશન અંગે પણ ઊંડી સમીક્ષા કરવામાં આવી હતી.

ગુજરાત સરકારના એક મહત્વના નિર્ણયની જાહેરાત કરતા ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ આજે જણાવ્યું હતું કે, પાલીતાણા ખાતે જૈન તીર્થમાં થયેલી તોડફોડની તપાસ માટે ખાસ ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે.

દરમ્યાન ગાંધીનગર ખાતે આજે સ્પીકર અને તમામ નવા મંત્રીઓને બંગલા ફાળવી દેવામાં આવ્યા છે. કુલ ૨૩ બંગલાઓની ફાળવણી કરવામાં આવી છે. વિપક્ષના પૂર્વ નેતાનો બંગલો મંત્રી મુળુભાઈ બેરાને ફાળવવામાં આવ્યો છે.(૨.૧૨)

### રાજ્યની તમામ બેંકોની સિસ્ટમનો પરવાનો સરકારે રીન્યુ ન કરતા મુશ્કેલી

# ગુજરાતની તમામ બેંકોમાં ફ્રેન્કિંગ સિસ્ટમ બંધ કરાતા લોકોને હાડમારી

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૪

ગુજરાતની બેંકોમાં ચાલી રહેલી ફ્રેન્કિંગ સિસ્ટમ બંધ કરવામાં આવી છે. કેમકે સરકારે ફ્રેન્કિંગ મશીનનો પરવાનો રીન્યુ કર્યો નથી. આથી દસ્તાવેજ જેવી મહત્વની કામગીરીમાં વિલંબ થતા હજારો લોકો હાડમારીમાં મુકાઇ ગયા છે. સરકારે તમામ બેંકોમાં ચાલતા મશીનનો પરવાનો રીન્યુ કર્યો નથી. સરકારી દસ્તાવેજીકરણ સહિતની કામગીરી માટે સ્ટેમ્પ લગાડવાની જરૂરિયાત ન રહે અને કામ ઝડપી બને એ માટે બેંકોમાં આવા મશીન વસાવવામાં આવ્યા હતા. પરંતુ સરકારી પરવાનો રીન્યુ ન થતા અને મશીનો બંધ થઇ જતા લોકોને ભારે હાલાકી થઇ રહી છે. દસ્તાવેજ માટે લોકોને ઈ-સ્ટેમ્પિંગ કરાવવું પડી રહ્યું છે. મશીનો બંધ થવાથી કાળાબજાર વધી જવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

૧લી જાન્યુઆરીથી બેંકોના ઘણાબધા નિયમો પણ બદલાયા છે. લોકર અંગેના નિયમ લોકોએ જાણવા જોઈએ. રિઝર્વ બેંકના આદેશથી લોકરના નવા નિયમ લાગુ થતા ગ્રાહકોને જ સૌથી વધુ ફાયદો થશે. જો લોકરમાં રાખવામાં આવેલા સામાન કોઈ નુકશાન થાય તો બેંકે તેની ભરપાઈ કરવી રહેશે. તેવો નિયમ અમલમાં આવી ગયો છે.(૨.૧૨)

### નેચરલ ગેસના ભાવમાં ઘટાડો કરતી ગુજરાત ગેસ કંપની

# ઉદ્યોગો માટેના પાઈપલાઈન નેચરલ ગેસના ભાવમાં રૂ.૭ નો ઘટાડો જાહેર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

મોરબીના વિખ્યાત સિરામિક ઉદ્યોગ સહિત ગુજરાતના ઉદ્યોગકારોને નવા વર્ષની ભેટ મળી છે. ગુજરાત ગેસ કંપનીએ ઉદ્યોગો માટેના પાઈપલાઈન નેચરલ ગેસના ભાવમાં રૂ.૭ નો ઘટાડો જાહેર કર્યો છે. જેનાથી ઉદ્યોગ આલમમાં ખુશાલી પ્રસરી છે.

**મોરબીના સિરામિક ઉદ્યોગ સહિત રાજ્યના ઉદ્યોગકારોને નવા વર્ષની ભેટ**

રશિયા અને યુક્રેન યુધ્ધને કારણે ભાવમાં બમણો વધારો થઇ ગયો હતો જેના કારણે સિરામિક ઉદ્યોગને મોટો આર્થિક ફટકો પડી રહ્યો હતો. હવે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડઓઈલના ભાવ ઘટી રહ્યા

(અનુ.પાના નં.૪ ઉપર)

# વડાપ્રધાન મોદી ૨૭મીએ 'પરીક્ષા પે ચર્ચા' કરશે

## વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સાથે ખાસ સંવાદ તથા માર્ગદર્શન

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૭ મી જાન્યુઆરીના રોજ 'પરીક્ષા પે ચર્ચા'ના ખાસ કાર્યક્રમ અંતર્ગત નવી દિલ્હીમાં દેશ-વિદેશના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સાથે વાતચીત કરશે અને પરીક્ષા અંગે એમને માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમ માટે ૧૫૦ થી વધુ દેશોના વિદ્યાર્થીઓ, ૫૧ દેશોના શિક્ષકો અને ૫૦ દેશોના માતા-પિતાએ નામની




નોંધણી કરાવી છે.

કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કાર્યક્રમની માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે, વડાપ્રધાન ૨૭ જાન્યુઆરીના રોજ 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમમાં સંવાદ કરશે. બાળકો ૨૬ જાન્યુઆરીના રોજ

(એજન્સી સમાચાર)

# કેન્દ્રની ગુજરાતને મોટી કોરોના મદદઃ વેક્સિનના મળશે વધુ ૬ લાખ ડોઝ



## વેક્સિનેશન કામગીરી જેટ ગતિએ ચલાવવા કરાયું આયોજન

રાજકોટ, તા.૪

કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને મોટી કોરોના મદદ મળી છે અને વેક્સિનના ૬ લાખ ડોઝ આપવાનું નક્કી કરાયું છે. ચીનમાં કોરોનાને લઈને વિકટ સ્થિતિનું નિર્માણ થયું છે, કોરોના સંક્રમણ અને કોરોનાથી થતા મોતનો આંકડો વધી રહ્યો છે. કોરોનાને લઈ ગુજરાતમાં અને દેશમાં તંત્ર એલર્ટ થઈ ગયું છે. જો કે, કોરોના વધતા કેસ અને જોખમ વચ્ચે ગુજરાતમાં થોડા દિવસથી વેક્સિનનો ખેચતાણ જોવા મળી હતી. પરંતુ કોરોના સંકટ વચ્ચે ગુજરાતને વધુ વેક્સિન મળશે આમ ગુજરાતને વધુ ૬ લાખનો નવો જથ્થો મળવાની જાહેરાત થતાં હવે રાજ્યમાં વેક્સિનેશની કામગીરી પુરબહાર ખીલશે.

### કોરોના સંકટ વચ્ચે ગુજરાતને મળશે વધુ વેક્સિન

વિશ્વના વિવિધ દેશોમાં ફરી કોરોનાએ આતંક મચાવ્યો છે. આ સમગ્ર પરિસ્થિતિ વચ્ચે દેશ અને રાજ્યની સરકાર પણ એલર્ટ મોડ પર છે. કોરોના સંકટ વચ્ચે ગુજરાતને વધુ વેક્સિન મળશે. ગુજરાતના આરોગ્ય વિભાગને વધુ

(અનુ.પાના નં.૪ ઉપર)

### રાજ્યમાં વધુ કોરોનાના બે કેસ નોંધાયા

રાજ્યમાં ગઈકાલે કોરોનાના ૨ કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદમાં ૧ કેસ અને મહેસાણામાં ૧ વ્યક્તિ કોરોનાની ઝપટે ચડ્યા હોવાનું સામે આવ્યું છે. બીજી બાજુ ગઈકાલે રાજ્યના ૩૧ જિલ્લાઓમાં એક પણ

(અનુ.પાના નં.૪ ઉપર)

### કોરોનાથી સજા થવાનો દર ૯૯.૧૩ ટકા

વિશ્વમાં કોરોનાના વધતા કહેર વચ્ચે ગુજરાતમાં કોરોનાથી સજા થવાનો દર ૯૯.૧૩ ટકા છે. અત્યાર સુધીમાં ૧૨,૬૬,૪૯૯ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જોકે ચીન સહિતના દેશોમાં વકરી રહેલી કોરોનાની

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજસ્થાન સહિત ૧૦ રાજયોની ચૂંટણી પ્રચારનું સુકાન પાટીલને સોંપાશે?

## સી.આર.પાટીલને મોટી જવાબદારી સોંપવા મોવડીઓ આતુર

(એજન્સી સમાચાર)

રાજકોટ, તા.૪

૨૦૨૩ નું નવું વર્ષ સી.આર.પાટીલ માટે નવી મોટી જવાબદારીઓ અને ઉચ્ચ સ્થાને પ્રમોશનની ખુશખબરીઓ લાવવાનું બની રહે તેવા નક્કર રાજકીય સંકેતો ગાંધીનગર અને નવી દિલ્હીથી મળી રહ્યા છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓમાં ઐતિહાસિક વિજય બદલ પાટીલની કદર કરીને ભાજપના મોવડીઓ પાટીલને વધુ મોટી જવાબદારી આપવાનું આયોજન કરી રહ્યા છે. દેશના ૧૦ મહત્વના મોટા રાજયોની વિધાનસભા ચૂંટણીઓમાં પ્રચાર સહિતની રણનીતિ ઘડવાની મોટી કામગીરી પાટીલને સોંપવામાં આવે તેવી ચર્ચાઓ શરૂ થઇ ગઈ છે. ટૂંકમાં કહીએ તો પાટીલનું રાજકીય પ્રમોશન નવા વર્ષે નક્કી માનવામાં આવે છે. પાટીલને હવે કઈ મોટી જવાબદારી સોંપવામાં આવે તેના પર સહુ રાજકીય નિરીક્ષકોની નજર મંડાઈ છે.

ગત જુલાઈ ૨૦૨૦ માં સી.આર.પાટીલે ભાજપના પ્રદેશ અધ્યક્ષની જવાબદારી સોંપવામાં આવી હતી. તેઓ નવસારીથી ત્રીજીવાર સાંસદ બન્યા છે. ગુજરાતમાં ભાજપને સ્થાનિકથી માંડીને વિધાનસભા ચૂંટણીઓમાં ભવ્ય વિજય અપાવીને પાટીલ ગુજરાત ભાજપના ચાણક્ય બન્યા છે. એટલે હવે એમને પાર્ટી તરફથી કોઈ મોટી જવાબદારી આપવામાં આવશે એ નક્કી માનવામાં આવે છે. શું એમને કેન્દ્રીયમંત્રી બનાવવામાં આવશે યા રાષ્ટ્રીય અધ્યક્ષની સાથે રહીને યા રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવીને કામ કરવાની ભૂમિકા સોંપવામાં આવશે? આવા અનેક સવાલો



રાજકીય લોબીમાં જોરશોરથી ચર્ચાતા સંભળાઈ છે.

ભાજપના આધારભૂત સૂત્રો સંકેત આપે છે કે, ૨૦૨૩ માં પાટીલની ભૂમિકા ભાજપમાં ખાસ બની રહેશે અને એમને શું રોલ આપવામાં આવે છે એ પણ હવે થોડા

(અનુ.પાના નં.૪ ઉપર)




# વ્યાજખોરો સામે ગુજરાત પોલીસની લાલઆંખ, કડક કાર્યવાહીની ચેતવણી



## રજીસ્ટ્રેશન વિના નાણાં ધીરનાર સામે મની લોન્ડરિંગ એક્ટ હેઠળ પગલા લેવાશેઃ રાજ્યમાં વ્યાજખોરોના ત્રાસની ઘટનાઓએ હદ વટાવતા હવે પોલીસ હરકતમાં

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૪

રાજયભરમાં વ્યાજખોરોનો દૂષણ સતત વધી રહ્યું છે અને વ્યાજના ખપ્પરમાં અનેક પરિવારો હોમાઈ રહ્યા છે. વ્યાજખોરો સામાન્ય લોકોની મજબૂરીનો લાભ લઈને તેમને ઉંચા વ્યાજે પૈસાનું ધિરાણ કરે છે. ત્યારબાદ આ લોકો પૈસા ન ભરી શકે તો તેમની પાસેથી તેમની મિલકત અને અન્ય કિંમતી ચીજવસ્તુઓ પોતાના નામે લખાવી લેતા હોય છે. ત્યારે આવા વ્યાજખોરોના ત્રાસના કારણે અનેક લોકોએ પોતાનું જીવન ટૂંકાવી લેતા અનેક ઘટનાઓ અવારનવાર સામે આવતી રહે છે. ત્યારે હવે સમગ્ર રાજ્યમાં વ્યાજખોરોના દૂષણને ડામવા માટે મહત્વનો નિર્ણય લેવાયો છે.

ગુજરાતમાં વ્યાજખોરો સામે પોલીસ કાર્યવાહી કરશે. રજિસ્ટ્રેશન વિના નાણાં ધીરનારા સામે પોલીસ કાર્યવાહી કરશે. આવા વ્યાજખોરો સામે મની લોન્ડ્રિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. મની લોન્ડ્રિંગની અરજીઓ પર SP અને DCP કક્ષાના અધિકારીઓ મોનિટરિંગ કરશે. રજિસ્ટ્રેશન વગર નાણાં ધીરવા અને વધુ વ્યાજે નાણાં ધીરનાર સામે કાર્યવાહી થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં હર્ષ સંઘવીએ આવા લોકો સામે કડક પગલાં લેવા માટે હુંકાર ભરી હતી. રાજકોટમાં એક કાર્યક્રમ દરમિયાન તેઓએ જણાવ્યું હતું કે,

(અનુ.પાના નં.૪ ઉપર)



અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
Web: www.saurashtrakranti.com
saurashtrakranti


# શારદા સાનિધ્ય-૨ના બિલ્ડિંગમાં ફ્લેટધારકોને છેતરતા બિલ્ડરો!




### પ્લાનમાં બતાવ્યા પ્રમાણે કોઈ એમેનિટીઝ ન આપી, પાર્કિંગમાં ગેરકાયદે રૂમ બનાવી તેનો ટેરેસ પહેલા માળના ફ્લેટ સાથે જોડીને ૩ લાખમાં વેચી દીધું, ફાયર વિભાગે નોટિસ ફટકારી, થોડા દિવસમાં તો રિન્યુ પણ કરી દીધી શું બિલ્ડરો સાથે ફાયર વિભાગની સાંઠગાંઠ?







## પોલીસ કમિશનરને બિલ્ડરો વિરૂદ્ધ ફ્લેટધારકોની અરજી

છેલ્લા ત્રણ વર્ષથી અનેક વખત રજૂઆત કરી હોવા છતાં બિલ્ડરો મચક આપતા ન હતા. જેનાથી કંટાળીને ફ્લેટધારકોએ પોલીસ કમિશનરને ૪૨૦ની કલમ લગાડવા માટે અરજી કરી છે. એમેનિટીઝના નામે સાવ મીંડુ આપતા નાણાંકીય ઉચાપત, ગેરકાયદે બાંધકામ અને ઠગાઈ તથા વિશ્વાસઘાત કરેલો છે.

## અધૂરામાં પુરૂં પાર્કિંગમાં એક ગેરકાયદે રૂમ બનાવી લીધા

ગ્રાઉન્ડ ફ્લોરમાં બિલ્ડરોએ એલોટેડ પાર્કિંગની વાત કરી હતી જે પણ નથી આપ્યું અને અધૂરામાં પુરૂં પાર્કિંગમાં એક ગેરકાયદે રૂમ બનાવી લીધો છે જે હાઉસ કિપીંગને આપી દીધો છે. આમ બિલ્ડરોએ પોતે આપેલા વચનોથી સાવ વિપરીત જ કામ કર્યું છે. બિલ્ડરોએ પાર્કિંગમાં ગેરકાયદે રૂમ બનાવી તેનો ટેરેસ પહેલા માળના ફ્લેટ સાથે જોડીને ૩ લાખમાં વેચી દીધું છે.

## ફાયર વિભાગે નોટિસ ફટકારી જેમાં બેઝમેન્ટમાં સીડી આપવીનો ઉલ્લેખ કર્યો પરંતુ બિલ્ડરોએ ઉચ્ચ અધિકારીઓ સાથે સેટીંગ કરી એનઓસી મેળવ્યાની ચર્ચા

## ઓપન એર થિયેટરના સ્થાને માત્ર પ્રોજેક્ટર અને સાથે જ ટીટીના સાધના

બિલ્ડરોએ પ્લાનમાં ટેરેસ ફ્લોર પ્લાન ખૂબ જ મસ્ત રીતે દર્શાવ્યો છે. જેમાં જિમ્નેશિયમ, ઓપન એર થિયેટર, ગેમ ઝોન, વુડન ડેક ગેઝેબો જેમાં ઉપર લાકડાની છત હોય છે અને નીચે બાકડામાં બેસવાનું હોય છે આ સિવાય વોટર ફાઉન્ટેન, લોન પણ દર્શાવ્યું છે. જેમાંથી બિલ્ડરોએ ટેરેસ પર માત્ર જિમ બનાવ્યું છે. જેમાં પણ જૂના સાધનો લાવીને મુકી દીધા છે અને ઓપન એર થિયેટરની જગ્યાએ સાવ નાનો પ્રોજેક્ટર કરી આપ્યો છે. આમ બિલ્ડરોએ લોકોને મનોરંજન પુરૂ પાડે છે તેવી એમેનિટીઝમાં પણ પોતાની લુચ્ચાઈ વાપરી છે.

## બિલ્ડરોએ એમેનિટીઝમાં તો છેતર્યા પરંતુ ફાયર સંબંધિત સાધનોમાં પણ છેતરપિંડી આચરી રૂડાના પ્લાનમાં ૧૬૦૦૦લીટરની બે ટાંકી પણ હકીકતમાં માત્ર ૭૫૦૦ લીટરની ટાંકી મૂકી દીધી

## સીડી સેલરમાં નથી જતી છતાં પણ ફાયર વિભાગે એનઓસી આપી દીધું

મનપાના ફાયર વિભાગે નોટિસ ફટકાર્યા બાદ ફરીથી ચેકિગ કરીને બિલ્ડીંગને ફાયર એનઓસી કાઢી આપ્યું. જે શક્ય જ નથી. બિલ્ડરોએ એમેનિટીઝમાં તો છેતર્યા પરંતુ સેલરમાં જવાનો રસ્તો પણ ન આપ્યો. અને છતા પણ ફાયર વિભાગે બે દિવસ અગાઉ ફાયર એનઓસી રિન્યુ કરી દીધી.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૪

રાજકોટ શહેરના પોશ એરીયા ગણાતા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા અયોધ્યા ચોકમાં એક બિલ્ડીંગ આવેલું છે જેનું નામ છે શારદા સાનિધ્ય-૨. શારદા સાનિધ્ય-૨ના બિલ્ડીંગમાં સુવિધાનો અભાવ જોવા મળી રહ્યો છે મસમોટી રકમ લઈને બિલ્ડરોએ ફ્લેટધારકોને છેતર્યા છે તેવા આક્ષેપો રહીસો કરીરહ્યા છે. છેલ્લા ત્રણ વર્ષથી ફ્લેટધારકો ન્યાય મેળવવા માટે મનપા, કમિશનર કચેરીએ ધક્કા ખાઈ રહ્યા છે. છતાં પણ આ બિલ્ડીંગને બાંધકામનું કમ્પ્લિશન સર્ટિફિકેટ અને ફાયર એનઓસી પણ મળી ગયું. નવાઈની વાત છે ને! ઘરનું ઘર લેવું સૌ કોઈની ચાહત હોય છે. જેનો લાભ ખંધા બિલ્ડરો લઈ લે છે. બિલ્ડરો મોટી મોટી વાતો કરી એમેનિટીઝ બતાવીને ફ્લેટ વેંચી મારે છે અને પૂરતી એમેનિટીઝ આપતા નથી. અમુક બિલ્ડરો મસમોટા વચનો આપી અને કાચિંડાની જેમ રંગ બદલતા બિલ્ડરોથી ચેતીનું રહેવા જેવું છે. ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા ગોકુલ-મથુરા એપાર્ટમેન્ટની પાછળ આવેલા શારદા સાનિધ્ય-૨ના ફ્લેટધારકોએ બિલ્ડર વિરૂદ્ધ રાજકોટ મહાનગરપાલિકાને અરજી કરી છે. જેમાં ફ્લેટધારકોએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, બિલ્ડર જીતેન્દ્ર પટેલ અને ચિરાગ પટેલે જે રીતે બ્રોશરમાં પ્લાન બતાવ્યો છે તેવી કોઈ ફેસિલિટી નથી આપી. તેથી તેના વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે. તા. ૨૮-૧૧-૨૦૨૨ના રોજ ફ્લેટ નં-૧૦૨માં રહેત નિશાંત શાહે બિલ્ડર જીતેન્દ્ર પટેલ વિરૂધ્ધ કમિશનરને અરજી કરી છે. ૪૨૦, ૪૦૬ની છેતરામણીની કલમનો ઉમેરો કરવા ફરિયાદ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૯માં શારદા સાનિધ્ય-૨ના બિલ્ડરોએ લોકોને દસ્તાવેજ બનાવવાની શરૂઆત કરી હતી. ત્યારે બિલ્ડરોએ બ્રોશર મુજબ એમેનિટીઝ આપવાના વાયદા કર્યા હતા. જેમાં પાણી, ફાયર સેફ્ટી અને ૨૪ કલાક સિક્યોરીટી આપવાનું વચન આપ્યું હતું ત્યારબાદ બિલ્ડરોએ આ તમામમાંથી એકપણ સુવિધા ન આપતા વારંવાર ફ્લેટધારકોએ રજૂઆત કરતા બિલ્ડરો એવું કહેતા કે, બિલ્ડિગનું કમ્પ્લીશન સર્ટિફિકેટ આવી જાય એટલે કરી આપીશ. જયારે વર્ષ ૨૦૨૧માં કમ્પ્લીશન મળી ગયા બાદ પણ બિલ્ડરોએ ઠાગાઠૈયા કરતા ફ્લેટધારકોએ મનપામાં રજૂઆત કરી હતી. જ્યારે વર્ષ ૨૦૧૯માં જ ફાયર એનઓસી એક વર્ષ માટે મળ્યું હતું. ત્યારબાદ ફરીથી તા.૫ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ મહાનગરપાલિકાએ નોટિસ ફટકારી હતી પરંતુ ફાયર એનઓસી પણ અચાનક મળી ગયું. સેલરમાં જવાનો રસ્તો પણ ન હોવાથી એનઓસી મળી ગયું. આમ ફ્લેટધારકો પર છેલ્લા ૨ વર્ષથી જીવના જોખમે રહે છે. જ્યારે એસોસિએશન બનાવવાની વાત કરી તો બિલ્ડરોએ એવું કહ્યું કે, તમારે હિસાબ નથી માંગવાનો જે આપું તે લઈ લેવાનું. ફ્લેટધારકોએ એવું પણ કહ્યું કે, એસોસિએશનના પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે બિલ્ડરોના મળતિયા શરદ પોપટ અને કિરીટ ખંધેડિયાને બનાવવા માટે પ્રેશર કરી રહ્યા છે જે અમને મંજૂર નથી. આમ છતાં બિલ્ડરો શરદ પોપટને પ્રમુખ તરીકે સ્વીકારવા માટે દબાણ કરી રહ્યા છે. જ્યારે બિલ્ડરે એવું પણ કહ્યું કે, અત્યાર સુધી જે કંઈ ખર્ચ થયો તે સોસાયટી મેઈન્ટેનન્સમાંથી બાદ કરવાનો રહેશે જ્યારે ખરેખર સોસાયટી જ્યારે એસોસિએશનને સોંપાય ત્યારપછી જ વપરાવું જોઈએ. વર્ષ ૨૦૧૯માં જ મેઈન્ટેનન્સના ચેક ઉઘરાવી લીધા બાદ આજ દિન સુધી એસોસિએશન બનાવ્યું નથી.

બિલ્ડિંગમાં ફાયર વિભાગના અધિકારીઓ સાથે સેટીંગ કરીને એનઓસી મેળવી લીધાનું સામે આવ્યું છે. બિલ્ડર જીતેન્દ્ર પટેલ તથા ચિરાગ પટેલે ફ્લેટધારકોને એમેનિટીઝ તો નહોતી આપી પરંતુ ફ્લેટધારકોના જીવ પણ જોખમમાં મુકી દીધા. એમેનિટીઝમાં તો છેતર્યા પરંતુ ફાયરના સાધનોમાં પણ ગફલા કર્યા. મહાનગરપાલિકાના ફાયર વિભાગે તા. ૫ ડિસેમ્બરના રોજ શારદા સાનિધ્યને નોટિસ ફટકારી હતી. જેમાં કુલ પાંચ મુદ્દાનો ઉલ્લેખ કરાયો હતો. પરંતુ અચાનક જ ફાયર વિભાગે તમામ મુદ્દાઓને ગણકારી એનઓસી રિન્યુ કરાવી દેતા ચકચાર મચી છે. મનપાના ફાયર વિભાગના સંબંધિત અધિકારીઓ જયારે ચેકિંગ કરવા આવ્યા ત્યારે નોટિસ ફટકારી પરંતુ જે બાબતે નોટિસ ફટકારી તે કામ ન થતા તેનું એનઓસી પણ મળી ગયું. ચર્ચાતી વિગતો મુજબ બિલ્ડરોએ ફાયર વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે સેટીંગ કરીને એનઓસી મેળવી લીધા હોવાનું સામે આવ્યું છે. જ્યારે ફાયર માટે અને ઘર વપરાશ માટે અલગ અલગ ટાંકીની વ્યવસ્થા હોય છે પરંતુ બિલ્ડરોએ કોમન એક જ ટાંકી એ પણ ૭૫૦૦ લિટરની મુકી દેવામાં આવી છે. મનપાના ફાયર વિભાગે કુલ પાંચ મુદ્દાને લઈને નોટિસ ફટકારી હતી. જેમાં પ્રથમ મુદ્દો જે પ્લાન મુજબ બેઝમેન્ટમાં જવા માટે સીડી હોવી જોઈએ જે મુકવામાં નથી આવી.

# મેંગોપીપલ પરીવાર દ્વારા બાળકોને બ્લેન્કેટ અને સ્વેટરનું વિતરણ





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

શિયાળાની ઠંડીએ માજા મુકવાની શરૂઆત કરી છે ત્યારે ઝુંપડપટ્ટી અને સ્લમ વિસ્તારોના લોકો અને ખાસ કરીને બાળકોની ફીકર કરીને મેંગોપીપલ પરિવાર દ્વારા દાતાઓના સહયોગથી શહેરના અલગ અલગ સ્લમ વિસ્તારો અને ઝૂંપડપટ્ટીમાં નવા બ્લેન્કેટ અને બાળકો માટેના નવા વુડી (ટોપી વાળા સ્વેટર)નું વિતરણ કરવામાં આવ્યું હતું.

રાત્રે પડતી આવી કડકડતી ઠંડીમાં નવું બ્લેન્કેટ મેળવી વડીલો અને નવું વુડી જાકીટ મેળવી બાળકોના ચહેરા પર અનોખી ખુશી જોવા મળી હતી.

મેંગોપીપલ પરિવારના મનીષભાઈ રાઠોડ તથા રૂપલબેન રાઠોડે આ સતકર્મ માટે જહેમત ઉઠાવેલ હતી. મેંગોપીપલ પરિવાર છેલ્લા નવ વર્ષથી ઝુપડપટ્ટી અને સ્લમ વિસ્તારોના બાળકો માટે સતત કાર્યશીલ સંસ્થા છે. સંસ્થા આવા બાળકોના અભ્યાસ અને સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ છે.







મેંગોપીપલ પરિવાર દ્વારા પ્રોજેક્ટ મુસ્કાન અંતર્ગત છેલ્લા પાંચ વર્ષથી રાજકોટ, જામનગર અને વાંકાનેરની જરૂરીયાતમંદ બહેનો દીકરીઓને નિ:શુલ્ક સેનેટરી પેડ વિતરણ કરવામાં આવી રહ્યા છે. ઉપરાંત તાજેતરમાં જ પ્રોજેક્ટ મુસ્કાનના પાંચમા વર્ષમાં મંગલ પ્રવેશથી દીકરીઓને નિ:શુલ્ક સેનેટરી પેડની સાથે સાથે નિ:શુલ્ક અન્ડર ગાર્મેન્ટ પણ આપાઇ રહ્યા છે.

આવા સેવાકીય સતકર્મની વધુ માહિતી માટે અને યોગદાન આપવા માટે મેંગોપીપલ પરીવારના મનીષભાઈ રાઠોડના (મો.નં. ૯૨૭૬૦૦૭૭૮૬) ઉપર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈનો આભાર વ્યક્ત કરતા પિનાકી મેઘાણી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૪

ગુજરાત રાજ્યના સાહિત્ય-સંસ્કૃતિ-પ્રેમી ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ પ્રત્યે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી તથા ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ (રાણપુર) અને ભારત સરકારના ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (કેવીઆઈસી)ની સેન્ટ્રલ ખાદી માર્ક કમિટીના ચેરમેન ગોવિંદસિંહ દાજીભાઈ ડાભીએ હૃદયથી આભાર વ્યક્ત કર્યો હતો.

આઝાદી કા અમૃત મહોત્સવ તથા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મ જયંતી વર્ષ અંતર્ગત પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ. (પીજીવીસીએલ) દ્વારા સીએસઆર હેઠળ આર્થિક-સામાજિક વંચિત, જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને રૂ.૨૧ લાખની મૂલ્યના ઉચ્ચ ગુણવત્તાના ઊની ખાદીના સ્વેટર ભેટ અપાયા હતા. ઝવેરચંદ મેઘાણીના જીવન અને કાર્ય સાથે સંકળાયેલાં સૌરાષ્ટ્ર-કચ્છમાં આવેલ વિવિધ સ્મૃતિ-સ્થળોની ૧૧ ચૂંટેલી સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ૨૫૦૦ જેટલાં બાળકોની આ સેવા-યજ્ઞ માટે પસંદગી કરાઈ હતી.

પીજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર વરૂણ કુમાર (આઈએએસ) તથા એમજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર તુષારભાઈ ભટ્ટ (આઈએએસ)નો પણ પિનાકી મેઘાણી, ગોવિંદસિંહ ડાભી, પસંદ કરાયેલ શાળાઓનાં આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓએ આભાર માન્યો હતો.

# મીઠાપુરઃ ટાટા કેમડીએવી પબ્લિક સ્કૂલમાં ૭ મો વાર્ષિક સન્માન સમારોહ



(દિવ્યેશ જટાણીયા દ્વારા)

મીઠાપુર, તા.૪

ઓખમંડળ તાલુકાના ઔધોગિક શહેર મીઠાપુર ખાતે આવેલી ટાટાકેમ ડી એ વી પબ્લિક સ્કૂલમાં ત્રીજું વાર્ષિક બહુપક્ષીય પ્રદર્શન અને ૭મો વાર્ષિક સન્માન સમારોહની શાનદાર ઉજવણી કરવામા આવી હતી. ગત તા. ૨૯ ડિસેમ્બરના રોજ આ પ્રદર્શનની શરૂઆતમાં મુખ્ય અતિથિ વિશેષ એન. કામથ મીઠાપુર ટાટા કેમિકલ્સના વાઇસ ચેરમેન દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ સહેબ દ્વારા અલગ અલગ પ્રોજેક્ટો કે જે વિદ્યાર્થીઓ દ્વારા ભારે મેહનત કરીને બનાવવામાં આવ્યા હતા.

તેની એક એકની મુલાકાત લઈ ખુબજ ઊંડાણપૂર્વક સમજણ મેળવી હતી એન કામથ સાથે રજની કામથ, નિરવ જોશી પ્રિન્સિપાલ મીઠાપુર હાઈસ્કૂલ, આર. કે. શર્મા પ્રિન્સિપાલ ટાટાકેમ ડી એ વી પબ્લિક સ્કૂલ વગેરે જોડાયા હતા.

ત્યારબાદ ગત તા.૩૦ ડિસેમ્બરના રોજ ૭ મો સન્માન સમારોહ પણ ભારે ધામધૂમ થી ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માં અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત આ જ સ્કૂલના શૈક્ષણિક અને સહઅભ્યાસિક ક્ષેત્રે અલગ અલગ સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને મુખ્ય મેહમાન અને અન્ય મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર અને સ્મૃતિચિન્હ આપીને સન્માનિત કરી પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ તકે કામથ દ્વારા શાળાની પ્રગતિ બદલ ખુશી વ્યક્ત કરી હતી અને સન્માનિત થયેલા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ સમગ્ર આયોજનમાં શાળાના પ્રિન્સિપાલ આર.કે.શર્મા તથા શાળાના શિક્ષક ગણ દ્વારા ભારે જેહમત ઉઠાવવામાં આવી હતી.




## સ્વચ્છતા અભિયાન તમારા ઘરથી શરૂ કરો...

સ્વચ્છતા, તમે જ્યાં રહો છો, જ્યાંથી પસાર થાઓ છો અને જ્યાં પણ તમે કામ કરો છો એ વિસ્તારને સાફ રાખવો એ કોર્પોરેશનના સફાઈ કામદારોની નહીં, કોર્પોરેશનના પદાધિકારીઓની કે અધિકારીઓની નહીં, પણ સૌથી પહેલી તમારી આવશ્યકતા છે અને આ આવશ્કયતાને માન આપવાનું છે. મચ્છર અતિશય વધી જાય તો એને માટે આપણે વોર્ડના સફાઈ કર્મચારીઓની કામચોરીનાં ગાણાં ગાવા માંડીએ છીએ, પણ એપાર્ટમેન્ટ પાસે કે સોસાયટીની નીચે કચરો કોણે કર્યો એના વિશે બોલવાનું કે એના વિશે ટીકાટિપ્પણ કરવાનું ટાળીએ છીએ. કચરો થાય નહીં એ જોવાનું કામ આપણું છે અને એ પછી પણ અનિવાર્યપણે જે કચરો થઈ જાય છે એ સાફ કરવાનું કામ સફાઈ કર્મચારીનું છે.

સિંગાપોરમાં રસ્તા પર થૂંકવાની મનાઈ છે, દુબઈમાં રસ્તા પર કચરો ફેંકવાની મનાઈ છે અને આ નિયમ ત્યાં જાય છે એ આપણો એકેએક ભારતીય પાળે છે અને ભૂલથી પણ ભૂલ ન થાય એ વાતની કાળજી રાખે છે, પણ મુદ્દો એ છે કે આપણે ત્યાં આવ્યા પછી તેને આ નિયમ ભુલાઈ જાય છે. કારણ શું? કારણ એક જ કે સફાઈ, સ્વચ્છતા એ આપણી લાઇફ સ્ટાઇલ નથી. રસ્તા પર કચરો કરવો આપણો અધિકાર છે અને આપણે માનીએ છીએ કે રસ્તા પર થૂંકવાનો જ ટેક્સ આપણે ચૂકવીએ છીએ. આપણે જે હક ભોગવવા માગીએ છીએ એ હક માટે આપણે ભોગ આપવા રાજી નથી. સફાઈ અને સ્વચ્છતા આપણને સિંગાપોર જેવી જોઈએ છે, પણ આપણે સિંગાપોર જેવી સજ્જતા અને વચનબદ્ધતા અપનાવવા તૈયાર નથી. કારણ માત્ર એક જ છે કે આપણે આપણી જ ફરજને સ્વીકારવા તૈયાર નથી.

# સધિયારો : રાજકોટ જિલ્લામાં ૩૦૩૫ પીડિત મહિલાઓને વ્હારે આવતી અભયમ ટીમ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૪

ગુજરાત સરકાર દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલા અને બાળકોના કલ્યાણ હેતુ ઘણી યોજનાઓ અમલી છે.જે અન્વયે મહિલાઓની સુરક્ષા અને રક્ષણ માટે વિશેષ ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઇન શરૂ કરવામાં આવી છે. મહિલાઓનો વિશ્વાસ સંપાદિત કરતી આ હેલ્પલાઈને અનેક વિદ્યાર્થીનીઓ, યુવતીઓ, ઘરેલું હિંસાનો ભોગ બનતી મહિલાઓ અને સિનિયર સિટીઝન મહિલાઓના જીવનમાં ફરીથી ખુશીઓ લાવી છે.





## ૧૨ લાખ મહિલાઓએ ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈનનો કર્યો સંપર્ક

રાજકોટ જિલ્લાની ૧૮૧ અભયમ ટીમ વિશે વાત કરીએ પારિવારીક હુંફ સાથે મહિલાઓને રક્ષણ અને મનોબળ પૂરું પાડીને ખૂબ સુંદર કામગીરી કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૨ માં ૧૮૧ અભયમ હેલ્પ લાઈન દ્વારા ૩૦૩૫ પીડિત મહિલાઓને ઘટના સ્થળ ઉપર જ મદદ પહોંચાડવામાં આવી છે. જેમાંથી ૧૯૨૭ જેટલા કિસ્સાઓમાં કુશળ કાઉન્સેલિંગ દ્વારા સ્થળ પર જ સમાધાન કરીને નિરાકરણ લાવવામાં આવ્યું છે. અન્ય કિસ્સાઓમાં પીડિતાની ગંભીર પ્રકારની સમસ્યા જણાતા પીડિત મહિલાઓને આગળની કાર્યવાહી માટે પોલીસ સ્ટેશન, મહિલા સહાયતા કેન્દ્ર, સખી વન સ્ટોપ સેન્ટર વગેરે મહિલા લક્ષી સંસ્થાઓ સુધી લઈ જવામાં મદદરૂપ કરવામાં આવી છે.

આ તકે રાજકોટ જિલ્લાના અભયમ ટીમના પ્રોજેકટ કો-ઓર્ડીનેટર તુષાર બાવરવાએ મહિલાઓને સુરક્ષાનું અભય કવચ પૂરું પાડતી અભયમ હેલ્પલાઈનની સાર્થકતા વિશે વાત કરતાં જણાવ્યું હતું કે,ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ અને ગૃહ વિભાગ દ્વારા કાર્યાન્વિત અને ઈ. એમ.આર.આઈ.ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા સંચાલિત એક અભિનવ હેલ્પ લાઇન તરીકે અભયમ ૧૮૧ મહિલા હેલ્પ લાઇન મહિલાઓ માટે હંમેશા આશીર્વાદરૂપ સમાન છે.ચીફ ઓપરેટિંગ ઓફિસર જશવંત પ્રજાપતિ અને પ્રોજેક્ટ હેડ નરેન્દ્રસિંહ ગોહિલનાં માર્ગદર્શન હેઠળ ગુજરાતના તમામ જિલ્લાઓમાં અભયમ સેવા અસરકારતાથી આગળ વધી રહી છે.

મહિલાઓ પર થતા શારીરિક,માનસિક, ઘરેલું હિંસાના કિસ્સાઓ,કામનાં સ્થળે જાતિય સતામણી, લગ્ન જીવનના વિખવાદો, લગ્નેતર સંબંધ,મનોરોગી મહિલાઓની સમસ્યાઓ, બાળ જન્મ,બાળ લગ્ન, બિન જરૂરી ફોન કોલ, મેસેજથી હેરાનગતિ, મહિલાને મિલકતમાં ભાગીદારી,છેડતી,સાયબર ક્રાઇમ,અપહરણ, બળાત્કાર કે અન્ય પ્રકારના કિસ્સાઓમાં મદદરૂપ બનેલ હતી. અભયમ ટીમના અસરકારક કાઉન્સેલિંગ દ્વારા પરિવારને વિખરાતા બચાવ્યાની અનોખી કામગીરી કરવામાં આવી રહી છે તેમ તુષાર બાવરવાએ ઉમેર્યું હતું.

ગુજરાત રાજ્જમાંથી વર્ષ ૨૦૧૫ થી અત્યાર સુધી ૧૨ લાખ જેટલી પીડિત મહિલાઓએ સલાહ - સૂચન,મદદ અને બચાવ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઇનમાં કોલ કર્યા છે.જેમાંથી ખાસ કિસ્સાઓમાં ઘટના સ્થળે પહોંચી અઢી લાખ મહિલાઓને રેસ્કયું ટીમ દ્વારા બચાવ અને મદદ પહોંચાડવામાં આવી હતી.

આમ,અભયમ સેવા સરકારના અન્ય વિભાગો સાથેનું મજબુત સંકલન, સુસજ્જ ટેકનિકલ માળખુ, પ્રોફેશનલ ટીમ,સ્ટેક હોલ્ડર સાથે સંકલન અને સેવાભાવનાની કટિબદ્ધતાથી ઝડપી સેવાઓ પહોંચાડવામાં અસરકારકતાથી કાર્ય કરે છે. અભયમ મોબાઈલ એપ્લિકેશન,અભયમ પોલિસ હેલ્પ ડેસ્ક પણ ઝડપી સેવાઓમા ઉપયોગી નિવડી રહ્યું છે.

# શાપર: ટ્રેકટરની ઠોકરે ચડતા યુવકનું મોત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૪




શાપરમાં ભૂમિ ગેઇટ નજીક રહેતો અને ડ્રાઇવિંગનું કામ કરતો ચેતન સવજીભાઇ જાદવ (ઉ.વ.૨૨) ગત સાંજે વિકાસ સ્ટવ પાસેથી પસાર થઇ રહ્યો હતો ત્યારે ટ્રેકટરની ઠોકરે ચડતાં ગંભીર ઇજા થતાં રાજકોટ ખસેડાયો હતો. પરંતુ અહીં દમ તોડી દીધો હતો. તે કામેથી ઘરે આવ્યા બાદ ચા પાણી પીવા ગયો હતો ત્યારે આ બનાવ બન્યો હતો.

# ઓપન સૌરાષ્ટ્ર-કચ્છ સ્વરચિત કાવ્ય પઠન સ્પર્ધા સંપન્ન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૪

મનુભાઈ વોરા અને સિઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત ઓપન સૌરાષ્ટ્ર-કચ્છ સ્વરચિત કાવ્ય પઠન સ્પર્ધા પૂર્ણ થઈ. ૨૧ સ્પર્ધકોને પસંદ કરવામાં આવેલ હતા, તેમાંથી ૧૮ સ્પર્ધકોએ ફાઇનલમાં ભાગ લીધો હતો. સૌ પ્રથમ શરૂઆત દીપ પ્રાગટયથી કરવામાં આવી. નિર્ણાયક સંજુભાઈ વાળા-પ્રતિષ્ઠિત કવિ, આર.પી.જોષી-કવિ, વસંતભાઈ જોષી-કવિ અને લેખક (આકાશવાણી રાજકોટ) તેમજ હર્ષદ દવે દ્વારા વિજેતા જાહેર કરવામાં આવ્યા.

અતિથિ વિશેષ તરીકે ડો. દર્શન ભટ્ટ-કન્સલ્ટન્ટ ઓટો ન્યુરોલોજિસ્ટ, અનુપમભાઈ દોશી- સંયોજક સાહિત્ય સેતુ-રાજકોટ, મિત્તલભાઈ ખેતાણી વગેરે ઉપસ્થિતિમાં આભારવિધિ સાથે સફળ રીતે કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. કાર્યક્રમના ઉદઘોષક તરીકે મુનીષભાઈ ગુસાણી દ્વારા સુંદર અયોજન પાર પડ્યું હતું. તેમ જણાવ્યું છે.



# આદિવાસી શ્રમિકને હડફેટે લઈ મોત નિપજાવનાર અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૪




દસ દિવસ પહેલાં કણકોટ રોડ પરથી બાઈકમાં પસાર થતાં આદિવાસી યુવકને અજાણ્યાં વાહન ચાલકે હડફેટે લેતાં મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી નાસી છૂટેલા અજાણ્યાં વાહન ચાલક સામે ગુનો નોંધાતા પોલીસે શોધખોળ આદરી હતી. પ્રાપ્ત વિગત અનુસાર, પાટીદાર ચોક પાસે ૨૨ માળીયા પાછળ ચાલતી આદર્શ બાંધકામ સાઇટ પર કામ કરતાં અને ત્યાં જ ઝૂંપડામાં રહેતાં મહેશભાઈ નરીયાભાઈ મીનામા (ઉ.વ.૨૭) ગત તા.૨૪ ના બાંધકામ સાઇટ પરથી કામ પતાવી બાઇક પર હરિપર પાટીયા તરફ જતો હતો ત્યારે કણકોટ રોડ પર પાછળથી પૂરપાટ ઝડપે આવેલા અજાણ્યાં વાહનની હડફેટે રોડ પર ફંગોળાયો હતો. જેને ગંભીર ઇજા પહોંચતા સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે તેના પરિવારજનોને જાણ કરવામાં આવતાં હોસ્પિટલે દોડી આવ્યા હતા.

# તપોવન શૈક્ષણિક સંકુલ જૂનાગઢમાં માર્ગ સલામતી કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૪

દિન પ્રતિદિન માર્ગ અકસ્માતોમાં અનેક લોકોને પારાવાર નુકસાન થઈ રહ્યું છે. તેને નિવારવા માટે પ્રાદેશિક પરિવહન કચેરી-જૂનાગઢ દ્વારા વિદ્યાર્થીઓને ટ્રાફિક શિક્ષણ જાગૃતિ અંગે માર્ગદર્શન કાર્યક્રમ રાખવામાં આવે છે. તે અંતર્ગત એ.પી.પટેલ માધ્યમિક શાળા-પાદરિયા ખાતે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને માર્ગ સલામતી વિશે કચેરીના ટ્રેનિંગ ઓફિસર પ્રશાંતભાઈ દેવાળીયા અને તેમની ટીમ દ્વારા માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ ને સફળ બનાવામાં શાળાના પ્રમુખ અશ્વિનભાઈ, આચાર્ય સંજયભાઈ અને જીગરભાઈ તેમજ સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# પાટણવાવના ઓસમ પર્વત આરોહણ-અવરોહણ સ્પર્ધા માટે થનગનાટ




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**રાજકોટ: ગુજરાત સરકારના રમત - ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર તેમજ યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગરના નેજા હેઠળ કાર્યરત જિલ્લા યુવા વિકાસ અધિકારી, રાજકોટ ગ્રામ્ય સંચાલિત જુનિયર વિભાગ ઉ.વર્ષ ૧૪ થી ૧૮ સુધીના સ્પર્ધકો માટે તૃતીય ઓસમ પર્વત આરોહણ - અવરોહણ સ્પર્ધાનું આયોજન તા.૧૨ જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું છે. આરોહણ - અવરોહણની યોજાનારી આ સ્પર્ધામાં જોડાવા બદલ અરજી કરેલા સ્પર્ધકોએ ઓસમ તળેટી,પાટણવાવ તા. ધોરાજી ખાતે તા. ૧૧ જાન્યુઆરી બુધવારના રોજ બપોરે ૩ થી ૫:૩૦ કલાક સુધીમાં હાજર થઈ રિપોર્ટ કરવાનો રહેશે. તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશ દિહોરાની યાદીમાં જણાવાયું છે.

**Rajkot Municipal Corporation**
**e-Tender Notice**

Rajkot Municipal Corporation, ENGINEERING DEPARTMENT, EAST ZONE, Shri Zaverchand Meghani Bhavan, Bhavnagar Road, Rajkot-360003 invites e-Tenders on percentage rate basis with two bid system from experienced contractors registered in appropriate class with GWSSB OR State / Central Government for the work detailed below:

| Sr | Name of work |
|---|---|
| 1 | DISPOSAL OF DRAINAGE COMPLAINTS THROUGH PRIVATISATION IN WARD NO.15 **(ECV Rs.37,92,600/-)** |

The last date for downloading and submission of online e-Tenders at www.rmc.nprocure.com is 13/01/2023. For more
details please visit
http://www.rmc.gov.in/rmcwebsite/tender.aspx.

**CITY ENGINEER**
**Rajkot Municipal Corporation**

# ‘નલ સે જલ’યોજના અંતર્ગત ‘હર ઘર નળ અને નળ ત્યાં જળ’ના લક્ષ્યને કરાશે સાર્થક

## રાજકોટ જિલ્લામાં પેયજળ યોજનાની મરામત-જતન માટે પમ્પ ઓપરેટરોને અપાઈ તાલીમ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૪

‘નલ સે જલ’ યોજના અંતર્ગત ‘હર ઘર નળ અને નળ ત્યાં જળ’ના લક્ષ્યને સાર્થક કરતા વાસ્મો દ્વારા રાજકોટ જિલ્લામાં ૧૦૦ ટકા નળ કનેકશન આપવામાં આવ્યા છે.દરેક ઘરમાં પાણી વિતરણની કામગીરી વિના અવરોધે ચાલતી રહે અને તેમાં કોઈ મુશ્કેલી આવે તો તત્કાલ નિરાકરણ થઈ શકે તે માટે, પાણી પુરવઠાની કામગીરી સાથે જોડાયેલા ગ્રામ પંચાયતોના પમ્પ ઓપરેટરોને વિનામૂલ્યે તાલીમ આપવામાં આવી રહી છે.‘સર્ટિફિકેટ કોર્સ ઈન પમ્પ મિકેનીકલ તાલીમ’ અંતર્ગત આઈ.ટી.આઈ. ખાતે રાજકોટ જિલ્લાના બે તાલુકાના આશરે ૭૫ થી વધુ પમ્પ ઓપરેટરોને તાલીમ અપાઈ ચૂકી છે.

‘નલ સે જલ’ યોજનાના હેતુને ખરા અર્થમાં સાર્થક કરતી આ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોના પમ્પ ઓપરેટરોને વિનામૂલ્યે ૪૦ કલાકની તાલીમ આઠ દિવસ સુધી આઈ.ટી.આઈ. ખાતે આપવામાં આવી રહી છે.જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા પમ્પ ઓપરેટરોને દિવસ દીઠ વાહન વ્યવહારના ખર્ચ પેટે રૂ.૨૦૦ પણ ચૂકવવામાં આવે છે.

આ ઉપરાંત સાક્ષર ઓપરેટરની લેખિત અને નિરક્ષર ઓપરેટરની પ્રેક્ટિકલ પરીક્ષા લઈને સર્ટિફિકેટ પણ આપવામાં આવે છે.જ્યારે દરેક પંચાયત દીઠ એક ટૂલ કીટનું પણ વિતરણ કરવામાં આવે છે.જેમાં પાઈપ,વાલ્વ વગેરે રિપેરિંગ માટે જરૂરી સાધનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જિલ્લા કો ઓર્ડીનેટર સંજયભાઈ પાનસુરીયાએ જણાવ્યું હતું કે,રાજકોટ જિલ્લાના દરેક તાલુકાના પમ્પ ઓપરેટરોને ગ્રામીણ પેયજળ યોજનાઓની મરામત અને નિભાવણીના ભાગરૂપે વાસ્મો અને આઈ.ટી.આઈ.ના સંકલનથી તાલીમ આપવામાં આવી રહી છે જે અંતર્ગત ધોરાજી અને જામ કંડોરણાના પમ્પ ઓપરેટરોને તાલીમ અપાઈ ગઈ છે અને બીજા તાલુકાના પમ્પ ઓપરેટરોને તાલીમ આપવાનું કાર્ય ચાલુ છે.જે અંતર્ગત રાજકોટ જિલ્લાના કુલ ૬૦૦ થી વધારે પમ્પ ઓપરેટરોને તાલીમ આપવામાં આવશે.




# સરસ્વતી શિશુમંદિરના વિદ્યાર્થીઓ વિજ્ઞાનમેળામાં જીલ્લા કક્ષાએ પ્રથમ નંબરે વિજેતા





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૪

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન તેમજ સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત સરસ્વતી શિશુમંદિર મારૂતિનગરના છાત્રોએ ગણિત, વિજ્ઞાન, પર્યાવરણ પ્રદર્શનમાં જીલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવ્યો છે. વિજ્ઞાન મેળો એસ.એસ. ચૌધરી હાઈસ્કૂલ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં સરસ્વતી શિશુમંદિર માધ્યમિક વિભાગના છાત્રો સવસેટા રાજ અને લાઠીયા ગૌરવે ગણિતના મોડેલ આધારિત ચતુષ્કોણના ગુણધર્મો ચકાસવાની કૃતિ રજૂ કરેલી હતી, આ કૃતિનો જીલ્લા કક્ષાએ પ્રથમ નંબર આવ્યો છે.

આ ઉપરાંત સરસ્વતી શિશુમંદિર રણછોડનગર પ્રાથમિક વિભાગના છાત્રોએ સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ નિમિત્તે રામકૃષ્ણ આશ્રમ આયોજીત વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો જેમાંથી ગુજરાતી મુખપાઠ સ્પર્ધામાં ધ્વનિલ પીઠડીયા પ્રથમ અને આટકોટિયા દષ્ટિ તૃતીય, હિંદી મુખપાઠ સ્પર્ધામાં ગુંજન કાછેલા પ્રથમ અને કુજ લિયા તૃતીય, ચિત્ર સ્પર્ધામાં નેત્રા ચાવડા પ્રથમ, વકૃત્વ સ્પર્ધામાં કાવ્યા પીપળીયા તૃતિય, નક્ષ રામાણી અને શ્રેયા ચાંગાણી ચતુર્થ, જીલ ધોળકિયા પાંચમા તેમજ વેશભૂષા સ્પર્ધામાં હિરાલી ગોસ્વામી તૃતીય અને દષ્ટિ ચૌહાણ પાંચમા ક્રમાંક પર વિજેતા થયા છે. સંસ્થાના ચેરમેન અપૂર્વભાઈ મણીઆરે વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી**

ક્રેડાઈ રાજકોટ બિલ્ડર એસોસિએશન તથા IIID સૌરાષ્ટ્ર ચેપ્ટર દ્વારા આયોજીત

# પ્રોપર્ટી એક્સ્પો એન્ડ શો-કેશ



ત્રણ લાખથી વધુ લોકો એક્સ્પોની મુલાકાત લેશેઃ પરેશ ગજેરા

- ૬ જર્મન એસી ડોમ
- પ્રોપર્ટી અને ડીઝાઈન કન્સલ્ટન્ટ સેમિનાર-કોન્ફરન્સ
- આશરે ૫૦૦૦૦ સ્કે.મીટરની વિશાળ જગ્યામાં ૩૦૦થી વધારે સ્ટોલ
- ૫૦ જેટલા બિલ્ડરોનાં ૧૫૦ થી વધારે પ્રોજેક્ટનું ડિસ્પ્લે
- ૧૩૮ બિલ્ડર સ્ટોલ-૧૭૬ ઈન્ટીરીયર પ્રોડક્ટ્સ સ્ટોલ
- ૧૫૦થી વધારે લોકલ અને નેશનલ પ્રોડકટસના ડિસ્પ્લે
- ડેઈલી ઈવનિંગ ઈવેન્ટ-લાઈવ આર્ટ ક્રાફ્ટ વર્કશોપ
- ૧૫૦થી વધારે લોકલ અને નેશનલ કંપનીઓની ઈન્ટીરીયર બ્રાન્ડ પણ એક્સ્પોમાં જોવા મળશે




રાજકોટ: 'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાતે આવેલા પરેશભાઈ ગજેરા, શૈલીબેન ત્રિવેદી, અમીતભાઈ, વિક્રાંતભાઈ શાહ, રાજદીપસિંહ જાડેજા, સંદીપભાઈ સાવલિયા, હરેશભાઈ પરસાણા, દર્શિતાબેન જોષી અને કિરીટભાઈ ડોડીયા તસ્વીરમાં નજરે પડે છે.

**એક્સ્પોમાં ૫૦ જેટલા બિલ્ડરોના ૧૫૦ પ્રોજેક્ટનું ડિસ્પ્લે, ૧૩૮ પ્રોપર્ટી સ્ટોલ અને ૧૭૬ જેટલા ઈન્ટીરીયર સ્ટોલ પ્રોડકટસના સ્ટોર ખુલ્લા મુકાશેઃ સ્ટોલના બેસ્ટ પ્રોજેક્ટ ધારકોને એવોર્ડ સન્માનીત કરાશેઃ બોલીવુડ અભિનેત્રી અમિષા પટેલ પધારશે**

**મહાનુભાવોને વરદહસ્તે ધમાકેદાર શુભારંભઃ ગુજરાતના રાજ્યપાલ, મુખ્યમંત્રી તેમજ મંત્રીઓ-ધારાસભ્યઓને વિશેષ આમંત્રણ અપાયું; રેસકોર્ષ ખાતે આગામી તા.૬ થી ૧૧ જાન્યુઆરી ૨૦૨૩ દરમ્યાન યોજાશે**







(તસવીરઃ પંકજ ડાભી)

## રાજકોટ ખાતે ગુજરાતનો સૌથી મોટો પ્રોપ્રટી એક્સ્પોને અપાતો આખરી ઓપઃ શુક્રવારે ખુલ્લો મુકાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૪

સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલયની મુલાકાતે આવેલા રાજકોટ બિલ્ડર એસો.ના પ્રમુખ પરેશ ગજેરાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ક્રેડાઈ રાજકોટ બિલ્ડર્સ એસોસિએશન તથા ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડીયન ઇન્ટિરિયર ડિઝાઇનર્સ-સૌરાષ્ટ્ર ચેપ્ટર દ્વારા આયોજીત પ્રોપર્ટી એકસ્પો અને શોકેશ-૨૦૨૩ આગામી તા.૬ થી ૧૧ જાન્યુઆરી ૨૦૨૩ દરમ્યાન રેસકોર્ષ ગ્રાઉન્ડ, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવનાર છે.

સમગ્ર ગુજરાતનો સૌથી મોટો પ્રોપ્રર્ટી એકસ્પો તા.૬ જાન્યુઆરીના રોજ ખુલ્લુ મુકવામાં આવનાર છે. આ એકસ્પોમાં ગુજરાતના રાજ્યપાલ તેમજ મુખ્યમંત્રી અને મંત્રીઓ ઉપરાંત ધારાસભ્યઓને પધારવા ખાસ આમંત્રણ પાઠવવામાં આવેલ છે. જેમાં આશરે ૩,૫૦,૦૦૦ જેટલા લોકો આ એકસ્પોની મુલાકાત લેશે.

આ એકસ્પોમાં લોકોએ સપનાનું ઘર વિચારેલ હશે તેવા પ્રોજેકટ પણ હશે તો સાથે સાથે ઘર વપરાશને લગતા તમામ ઈન્ટીરીયર ડીઝાઈનીંગ તથા આર્કિટેકચરલની તમામ જરૂરીઆત એક સ્થળે મળી રહેશે. આ ઉપરાંત પ્રોપર્ટી ડેવલોપર્સ અને નાના-મોટા બિલ્ડર્સ, સેનેટેરીવેર્સ અને બાથ ફીટીંગ્સ, સ્ટોન અને ટાઈલ્સ ઉત્પાદકો, ડોર અને વિન્ડો, હાર્ડવેર અને ફર્નિચર ફીટીંગ્સ, કીચન અને હોમ એપ્લાયન્સીઝ, લાઈટ્સ અને ઈલેકટ્રીક આઈટમ્સ, પ્રીન્ટ અને કન્ટ્રકશન્સ કેમીકલ્સ, ડેકોરેટીવ ગ્લાસ અને ગ્લાસ ફીટીંગ્સ, એરકંડીશન્સ, બિલ્ડીંગ મટીરીયલ્સ, પ્રોફેશ્નલ અને ડીઝાઈન એકેડેમીક ઈન્સ્ટીટયુટ પણ જોડાયેલ છે.

આ એકસ્પોમાં ૩૦૦ થી વધારે સ્ટોલ ઉભા કરવામાં આવેલ છે. સમગ્ર ઇવેન્ટમાં કોન્ફરન્સ અને સેમિનારનું આયોજન ૨૦૦ લોકોની બેઠક ક્ષમતા સાથે થશે. એકસ્પોમાં કુલ ૫૦,૦૦૦ સ્કે. મીટર જગ્યામાં ઉભુ કરાશે. ૧૫૦૦ થી વધુ લોકોની બેઠકની ક્ષમતા ધરાવતા સેન્ટ્રલ પ્લાઝા હશે. ક્રેડાઇ આર.બી.એ અને IIID ના રાષ્ટ્રીય સભ્યો પણ આ પ્રસંગે હાજર રહેશે. આ એકસ્પોમાં ૫૦ જેટલા બિલ્ડરોનાં ૧૫૦ પ્રોજેકટનું ડિસ્પ્લે, ૧૩૮ પ્રોપર્ટી સ્ટોલ અને ૧૭૬ જેટલા ઈન્ટીરીયર સ્ટોલ પ્રોડકટ્સના સ્ટોલ આપની સમક્ષ ખુલ્લા મુકવામાં આવનાર છે. જેમાં ૧૫૦ થી વધારે લોકલ અને નેશનલ કંપનીઓની ઈન્ટીરીયર બ્રાન્ડ પણ આ એકસ્પોમાં જોવા મળશે.

આ એકસ્પોમાં આવનાર મુલાકાતીના મનોરંજન માટે દરરોજ અવનવા ઈવેન્ટનું પણ આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૭૫ થી વધારે કલાકારો દ્વારા ધમાકેદાર ભાંગડા, મેવાસી, કથક, મણીપુરી, ભરત નાટયમ્, રાઠવા, તેમજ સૌરાષ્ટ્રના કલાકારો પોતાની કલાનાં કામણ પાથરશે. તદ્ઉપરાંત બોલીવુડ અભિનેત્રી અમીષા પટેલ પણ ખાસ પધારશે. આ શોની સાથે સાથે એવોર્ડ ફંકશન પણ રાખેલ છે. જેમાં સ્ટોલનાં બેસ્ટ પ્રોજેકટ ધારકોને એવોર્ડ આપી પ્રોત્સાહીત કરવામાં આવશે.

આ ઈવેન્ટને સફળ બનાવવા મુજરા ઈવેન્ટસનાં ૧૦૦ થી વધારે વ્યકિતઓ કે જેઓ પ્રોડકશન, આર્ટીસ્ટો અને મેનેજમેન્ટ જેવી વિવિધ ટીમો બનાવી સક્રિય બનેલ છે.

આ એકસ્પોમાં રાજકોટના નામાંકિત ૫૦ થી વધારે બિલ્ડરો દ્વારા ૧૫૦ થી વધારે પ્રોજેક્ટનું ડિસ્પલે રજુ કરવામાં આવનાર છે. જેથી કરીને આપને આપની પસંદગી અને બજેટને અનુરૂપ ચોઈસ કરી શકશો. તો સાથે સાથે મુલાકાતીઓની સરળતા માટે નામાંકિત બેન્કનાં એકઝીકયુટીવ પણ હાજર રહેશે. જેથી આપની પસંદગીની પ્રોપ્રટી ઉપર આપને કેટલી લોન અને કેટલું ડાઉન પેમેન્ટ તે અંગેની જાણકારી ત્વરીત મળી રહે.

આ એકસ્પોમાં સ્પેશ્યલી ડિઝાઈનર ડોમમાં પેઈન્ટીંગ ઝોન, સેમિનાર ડોમ જેમાં દરરોજ નામાંકિત વકતાઓના સેમિનાર, રીક્રીએશન ડોમમાં આર્ટીસ્ટ દ્વારા ભાતીગળ પેઈન્ટીંગની અદ્‌ભુત કૃતિઓ રજુ કરશે. રાજકોટ જ નહીં પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રની જનતા માટે આ આ એકસ્પો મુલાકાત લેવી તે એક મહામુલો લ્હાવો છે કારણ કે જ્યાં આપને જોઈતી તમામ પ્રોડકટસ એક છત નીચે મળી રહેશે.

ધ કન્ફેડરેશન ઓફ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા એટલે કે ક્રેડાઈથી વધુ જાણીતું છે, અને તેના એકભાગ રૂપે રાજકોટ બિલ્ડર્સ એસોસિએશન એક સંસ્થા છે જે એક બેનર હેઠળ બાંધકામ ઉદ્યોગના વિવિધ શાખાઓને એક સાથે લાવે છે. આ સંગઠન ૧૯૯૦ માં શરૂ થયું હતું.

તેવી જ રીતે ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડીયન ઇન્ટિરિયર ડિઝાઇનર્સની સ્થાપના ૧૯૭૨ માં કરવામાં આવી હતી. આ સંગઠનનું ઉદ્દેશ તેના સભ્યોમાં સારી વ્યાવસાયીક અને વેપાર પદ્ધતિઓ અને નૈતિકતા અધિષ્ઠા પિત કરવાનું છે. આ સંસ્થાને ભારતના ઇન્ટિરિયર ડિઝાઇન વ્યવસાયમાં આગળ વધવા માટેના દશ્ય સાથે શરૂઆત કરવામાં આવી હતી. IIID ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડીયન ઇન્ટિરિયર ડિઝાઇનર્સ અને APSDA-એશીયા પેસિફીક સ્પેસ ડિઝાઇનર્સ એસોસિએશનનું સભ્ય છે. IIID પાસે સમગ્ર દેશમાં ૩૧ ચેપ્ટર અને સેન્ટર છે. સૌરાષ્ટ્ર ચેપ્ટર IIID ના સૌથી સક્રિય ચેપ્ટરોમાંનુ એક છે. તેમ જણાવ્યું હતું.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### કોરોના સંકટ વચ્ચે ગુજરાતને મળશે વધુ વેક્સિન

૬ લાખનો નવો જથ્થો મળશે. પ્રિકોશનરી ડોઝ લેનારાની સંખ્યા વધતા રાજ્યને નવા ડોઝ મળશે. કોવિશિલ્ડના ૫ લાખ જ્યારે કોવેક્સિનના ૧ લાખ ડોઝ મળશે.

### રાજ્યમાં વધુ કોરોનાના ૨ કેસ નોંધાયા

કોરોનાનો કેસ નોંધાયો નથી. રાજ્યમાં કોરોનાના કુલ ૩૬ એક્ટિવ કેસો છે. જેમાં તમામ દર્દીઓ સ્ટેબલ હોવાનું જાણવા મળી રહ્યું છે. ઉપરાંત છેલ્લા ૨૪ કલાકમાં ૪૬,૦૦ લોકોએ કોરોના પ્રતિરોધક વેક્સિન લીધી હોવાનું પણ સામે આવ્યું છે.

### કોરોનાથી સજા થવાનો દર ૯૯.૧૩ ટકા

ઉપાધિ સામે ગુજરાતમાં સિંગલ ડિઝીટમાં કોરોનાના પોઝીટીવ કેસ નોંધાવાએ સારા સમાચાર સમાન છે પરંતુ હાલની સ્થિતિએ સાવચેતી રાખવી ખૂબ જ અગત્યની છે.

### વડાપ્રધાન મોદી ૨૭મીએ 'પરીક્ષા પે ચર્ચા' કરશે

પરેડ નિહાળશે. ૨૭મીએ વડાપ્રધાન સમક્ષ બાળકોને એમની પ્રતિભા દર્શાવવાની તક મળશે. નવી દિલ્હીના ભવ્ય તાલકટોરા સ્ટેડિયમમાં આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, ૨૦૧૮ થી વડાપ્રધાને 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ શરૂ કર્યો છે. આ વર્ષે ૩૮.૮૦ લાખ સહભાગીઓએ કાર્યક્રમ માટે નોંધણી કરાવી છે. જેમાં ૩૧.૨૪ લાખ વિદ્યાર્થીઓ, ૫.૬૦ લાખ શિક્ષકો તેમજ ૧.૯૫ લાખ વાલીઓ જોડાશે. MYGOV પર સર્જનાત્મક લેખન સ્પર્ધા દ્વારા ૨૦૫૦ સહભાગીઓની પસંદગી કરવામાં આવી છે. એમને ખાસ 'પરીક્ષા પે ચર્ચા' કીટ આપવામાં આવશે. આ કીટમાં વડાપ્રધાન મોદી દ્વારા હિન્દી અને અંગ્રેજીમાં લખાયેલ નએક્ઝામ વોરિયરથ પુસ્તક તથા એક પ્રમાણપત્ર સામેલ છે. કાર્યક્રમની આ છઠ્ઠી આવૃત્તિ છે.(૨.૧૨)

### ઉદ્યોગો માટેના પાઈપલાઈન નેચરલ ગેસના ભાવમાં રૂ.૭ નો ઘટાડો જાહેર

હોવાથી કંપનીએ પણ રૂ.૭ નો ભાવઘટાડો કર્યો છે. હવે ડોલરના ભાવની વધ-ઘટના કારણે ઉદ્યોગકારોને રૂ.૪૬ થી ૪૭ ના ભાવે ગેસ મળશે. જેનાથી મંદીના સમયમાં રાહત પ્રાપ્ત થશે તેમ મોરબી સિરામિક એસોસિએશનના પ્રમુખ મુકેશભાઈ કુંડારિયાએ જણાવ્યું છે.

તાજેતરમાં સિરામિક સહિતના ઉદ્યોગોના પ્રશ્ને મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાની આગેવાનીમાં ગાંધીનગર ખાતે સિરામિક એસોસિએશનના પ્રમુખો દ્વારા વિગતવાર રજૂઆતો કરવામાં આવી હતી.(૨.૧૨)

### વ્યાજખોરો સામે ગુજરાત પોલીસની લાલઆંખ, કડક કાર્યવાહીની ચેતવણી

ગુજરાતમાં વ્યાજખોરના દૂષણથી એક પણ નાગરિક હેરાન થાય તે ચલાવવામાં નહીં આવે. વ્યાજખોરના દૂષણને નાથવા વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. આગામી દિવસોમાં માત્ર સૌરાષ્ટ્રમાં જ નહીં પરંતુ ગુજરાતમાં કોઈ પણ જગ્યાએ આવા વ્યાજખોરીનું દૂષણ કરવામાં આવશે, તેમની સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેઓએ જણાવ્યું હતું કે, એક પણ વ્યક્તિ વ્યાજખોરોનાં ત્રાસથી ગુમાવવાની વાત તો દૂર, તેઓ જરાય પણ હેરાન ન થાય તે માટે હજુ વધુ કડક પગલાં લેવામાં આવશે. વ્યાજખોરીના વધતા જતા દૂષણને ડામવા કડક કાર્યવાહી કરવા સૂચના પોલીસ વિભાગને આપવામાં આવી છે.(૯)

### રાજસ્થાન સહિત ૧૦ રાજયોની ચૂંટણી પ્રચારનું સુકાન પાટીલને સોપાશે?

દિવસોમાં સ્પષ્ટ બની જશે એવી ચર્ચા પણ છે કે ભાજપના રાષ્ટ્રીય વડા જે.પી.નડ્ડાને ૨૦૨૩ ની લોકસભા ચૂંટણી સુધી એમના પદ પર એક્સ્ટેન્શન આપવામાં આવે એવી શક્યતા છે. પાટીલ અંગે એવી ચર્ચા છે કે, એમને કેન્દ્રીયમંત્રી બનાવીને રાજ્યોના પ્રભારીનું કામ સોંપાઈ અથવા નડ્ડાની સાથે રહીને મહત્વની કામગીરી સોંપવામાં આવે એવી પણ શક્યતા છે. પાટીલની ચૂંટણી વ્યવસ્થાની કામગીરી વિશે મોવડીઓમાં ખુબ સારી નોંધ લેવામાં આવી છે. આવતા વર્ષે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને કર્ણાટક સહિત ૧૦ રાજ્યોમાં ચૂંટણીઓ આવી રહી છે. તે રાજ્યોમાં પાટીલને કમાન સોંપવામાં આવે એવી પણ શક્યતા છે.(૨.૧૨)

## સપ્ત સંગીતિઃ ઋતુજા લાડ અને અવંતી પટેલે ઠુમરી-દાદરામાં 'ઓ ગાનેવાલી' કૃતિથી મહેફીલ જમાવી



### મૂળ રાજકોટના યુવા કલાકારો અનુજ અને સપન અંજારિયા એ સંતુર-તબલાની જુગલબંદીથી શ્રોતાઓને તરબોળ કર્યા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૪

સપ્ત સંગીતિના દ્વિતીય દિવસે હેમુ ગઢવી હોલ ખાતે સુશ્રી ઋતુજા લાડ અને સુશ્રી અવંતી પટેલની ઠુમરી અને દાદરાની ભાવસભર પ્રસ્તુતીથી સમગ્ર સભામાં દિવ્ય વાતાવરણ છવાઇ ગયું હતું. આ કાર્યક્રમના પહેલા ચરણમાં મૂળ રાજકોટના યુવા પ્રતિભાશાળી કલાકારો અનુજ અંજારીયા અને સપન અંજારીયાએ સંતુરવાદન અને તબલાવાદનની અદ્‌ભુત પ્રસ્તુતીથી ઉપસ્થિત સભાગણને વાહવાહી આપવા મજબુર કરી દીધા હતા. કાર્યક્રમની શરૂઆત બીજા દિવસના પેટ્રન જ્યોતી સીએનસી ઓટોમેશન લી. પરિવારના સભ્યો ઘનશ્યામસિંહ જાડેજા, પરાક્રમસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, વિક્રમસિંહ રાણા અને શુભેછક ડો. વિવેક જોષી અને તેમના પત્ની સુરેખાબહેનના વરદ હસ્તે દિપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં રાજકોટના જાણીતા કલાકાર સ્વ.કાન્તિભાઇ સોનછત્રાને ઓડીયન્સ દ્વારા એક મિનિટ મૌન રાખી શ્રદ્ધાંજલી આપી હતી.

તેમજ તેમની તસ્વીરી યાદો દર્શાવવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત નિઓ રાજકોટ ફાઉન્ડેશનના ડિરેકટર અને કાર્યક્રમના ઉદ્‌ઘોષક વિક્રમભાઈ સાંઘાણી દ્વારા શ્રોતાઓને આવકારી, પર્ફોર્મન્સ વિશે જણાવતા કહ્યું હતુ કે 'ઓ ગાનેવાલી' કૃતિનો કોરોનાકાળમાં ઠુમરીની પેશકશ વર્ચ્યુઅલી કરાઇ હતી, શ્રોતાઓના બહોળા પ્રતિસાદ પછી આ કેન્સેપ્ટને પ્રત્યક્ષ રજુ કરવાના વિચારથી 'ઓ ગાનેવાલી' કૃતિના મુંબઈ અને બેંગલોરમાં ૧૦ શો થઈ ચુકયા છે. ગુજરાતમાં રાજકોટના આંગણે આ પ્રથમ વખત કૃતિની રજૂઆતએ રાજકોટ માટે ગૌરવની વાત છે, તેમ જણાવ્યું હતું. આ કૃતિના ડિરેક્ટર મેઘના તેલંગ, મેનેજર કુશલ ખોટે અને કંઠ સુશ્રી ઋતુજા લાડ અને સુશ્રી અવંતી પટેલે આપ્યો છે. સાથે પ્રોત્સાહિત કર્યા હતા.

## સેન્ટ્રલ ઝોન કચેરીમાં આધારકાર્ડ તેમજ સિવિક સેન્ટરની મુલાકાત લેતા મેયર ડો.પ્રદિપ ડવ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૪



રાજકોટ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરીમાં આધારકાર્ડ તેમજ સિવિક સેન્ટરમાં શહેરના નાગરિકો ખુબજ આવે છે. જેથી આ બંને વિભાગમાં શહેરના નગર જનોને તેમજ બંને વિભાગના સ્ટાફને પુરતી સુવિધા મળે તે માટે આજરોજ મેયર ડો.પ્રદિપ ડવએ સ્થળ મુલાકાત લીધેલ. સ્થળ મુલાકાત સમયે એડી.સિટી એન્જીનીયર એચ.એમ.કોટક, ડે.એન્જી.પટેલિયા, એસ્ટેટ વિભાગના આસી.મેનેજર કાથરોટીયા, પી.એ.ટુ મેયર કનુભાઈ હિંડોચા તથા જય ગજજર વગેરે ઉપસ્થિત રહેલ. આધારકાર્ડ અને જન્મ-મરણ વિભાગ, સિવિક સેન્ટર વિભાગમાં કામગીરી કરતા સ્ટાફને તેમજ જન્મ-મરણના દાખલાઓ કાઢવા, મિલકત વેરો ભરવા માટે તેમજ આધારકાર્ડ કઢાવવા આવતા નાગરિકોને સારી સુવિધા મળે તે માટે જરૂરી સુધારા-વધારા-રીનોવેશન સાથે આધુનિક બનાવવા મેયરએ અધિકારીને સુચના આપવામાં આવેલ સૌપ્રથમ આધારકાર્ડ વિભાગને અન્ય જગ્યાએ શીફ્ટ કરી તે વિભાગનું તાત્કાલિક જરૂરી રીનોવેશન કરવા અને ત્યારબાદ જન્મ-મરણ વિભાગમાં લોકો ખુબજ આવતા હોય માટે તેઓને વધુ જગ્યાની સુવિધા પ્રાપ્ત થાય તે માટેનું પ્લાનીંગ કરવા જણાવેલ.

## EWS/LIG/MIG કેટેગરીની આવાસ યોજનામાં

# એલોટમેન્ટની રકમ ન ભરનાર ૫૫૫ લાભાર્થીઓને નોટીસ



### લાભાર્થીઓએ ભરવાપાત્ર બાકી રકમ ૭ દિવસમાં ભરી દેવી અન્યથા આવાસની ફાળવણી રદ્ કરવાની કાર્યવાહી કરાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૪

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના કાર્યરત છે. જેમાં **EWS/LIG/MIG** કેટેગરીની આવાસ યોજનામાં નિયત કિંમતે આવાસ ફાળવવામાં આવે છે. જેમાં અરજદાર દ્વારા આવાસના એલોટમેન્ટ અન્વયેની રકમ ભરવામાં આવેલ ન હોય તેવા કુલ-૫૫૫ લાભાર્થીઓને નોટીસ આપવામાં આવી. લાભાર્થીઓએ ભરવાપાત્ર બાકી રકમ મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન, સિવિક સેન્ટર, ગ્રાઉન્ડ ફ્લોર, ડો. આંબેડકર ભવન, એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે, ઢેબર રોડ ખાતે દિન-૭માં તાત્કાલિક ભરપાઇ કરવા અન્યથા આવાસની ફાળવણી રદ્ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવા લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે. ભવિષ્યમાં પણ આવાસના બાકી હપ્તા ન ભરતા આસામીઓને નોટીસ આપવા અંગેની સઘન ઝુંબેશ ચાલુ રહેશે.

### આવાસના હપ્તા પેટે ડિસેમ્બર-૨૦૨૨માં રૂ.૪૫.૩૭ કરોડની આવક

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ યોજનાઓ અંતર્ગત આજ દિન સુધીમાં ૩૧,૦૦૦ થી વધારે આવાસ બનાવીને લાભાર્થીઓને ફાળવવામાં આવેલ છે. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્માર્ટ ઘર, મુખ્યમંત્રી આવાસ યોજના, **BSUP** -૧,૨,૩, રાજીવ આવાસ યોજના, ગુરૂજીનગર, ધરમનગર, ૩૦૧૨, હુડકો, વામ્બે અને સફાઈ કામદાર આવાસ યોજનાઓનો સમાવેશ થાય છે.

આવાસ યોજના વિભાગ દ્વારા તા.૧/૧૨/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધીમાં રૂ.૪૫.૩૭ કરોડ(પીસ્તાલીસ કરોડ સાડત્રીસ લાખ પુરા)ની આવક આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ. જ્યારે તા.૧/૪/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધીમાં રૂ.૧૯૯.૬૧ કરોડ (એકસો નવાણુ કરોડ એકસઠ લાખ પુરા) ની આવક આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ.

## રાજકોટ જીલ્લા આહીર કર્મચારી મંડળની વાર્ષિક સાધારણ સંપન્ન : નવા હોદ્દેદારોની વરણી





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૪

રાજકોટ જિલ્લા આહીર કર્મચારી મંડળ દ્વારા વાર્ષિક સાધારણ સભા કર્ણાવતી પાર્ટી લોન્સ, કાલાવડ રોડ ખાતે મંડળના પ્રમુખ મનસુખભાઇ બાળાના અધ્યક્ષ સ્થાને યોજાય ગઇ. આ સાધારણસભામાં આહીર સમાજના કલાસ-૧ અને ૨ માં નિમણૂંક પામેલા અધિકારીઓ, કર્મચારીઓના તેજસ્વી બાળકોનું સન્માન, ગત વર્ષે નિવૃત થયેલ કર્મચારીઓનું સન્માન કરાવમાં આવેલ. સાધારણ સભામાં રાજકોટ-મોરબી જીલ્લાના આહીર જ્ઞાતિના તમામ કર્મચારીઓન સહપરિવાર પધારેલ બાળકોને રમતો રમાડવામાં આવેલ અને સહપરિવાર ભોજન લીધેલ.

આ પ્રસંગે આહીર સમાજ શ્રેષ્ઠીઓ ધારાસભ્ય ઉદયભાઇ કાનગડ, મેયર ડો.પ્રદીપભાઇ ડવ તથા આહીર સમાજ અગ્રણી લાભુભાઇ ખીમાણીયા, ભાનુભાઇ મેતા, સવજીભાઇ મૈયડ, જશુભાઇ રાઠોડ, ઘનશ્યામભાઇ હેરભા, અર્જુનભાઇ ખાટરીયા મેરામણભાઇ ગંભીર, હરદાસભાઇ ડાંગર, દેવદાનભાઇ જારીયા, પ્રો. પ્રવિણભાઇ ભેડા, પ્રો.કે. આર.રામ, હિરેનભાઇ ખીમાણીયા શૈલેષભાઇ ડાંગર, અજીતભાઇ લોખીલ, ભરતભાઇ મિયાત્રા, પરીમલભાઇ પરડવા, દિલિપભાઇ લાડુમોર, જગદીશભાઇ કિહોર, શામળાભાઇ ગોગરા, નાથાભાઇ ખાંડેખા, દેવાયતભાઇ ડેર, રાણાભાઇ ગોજીયા, રતીભાઇ ખૂંગલા, રામભાઇ ગરૈયા, હરદાસભાઇ ગોગરા, વિરાભાઈ હુંબલ, મહેશભાઈ કારેથા, એભલભાઈ કુવાડીયા, કમલેશભાઈ કોઠીવાર, અમીતભાઈ બોરીચા, મગનભાઈ બલદાણીયા, પ્રવિણભાઇ મોર, કેતનભાઇ કાતરીયા, હરેશભાઇ છોટાળા, સંજયભાઇ કુવાડ, કિશોરભાઇ વાઘમશી, દિલિપભાઇ મોર, નીતીનભાઇ હડીયા, હરેશભાઇ શ્યારા અજયભાઇ સબાડ, રાજુભાઇ નાટડા, સમાજના વર્ગ ૧ અને ૨ ના અધિકારીઓ ઇલાબેન ચૌહાણ, એ.એ. કરમુર, એમ.કે. નંદાણીયા, વિક્રમભાઇ ખુંગલા, હિતેષભાઇ ડાંગર તથા ડો. વિરલ બલદાણીયા, ડો. જગમાલભાઇ ધુસર, ડો. રાહુલભાઇ ગંભીર, પત્રકાર નંદાભાઇ ડાંગર, ભાનુભાઇ ગજીયા તથા સમાજના અનેક વડીલોએ હાજરી આપી મંડળની કામગીરી બીરદાવી હતી.

આ વાર્ષિક સાધારણસભામાં નવા પ્રમુખ તરીકે કમલેશભાઇ બાબરીયા મંત્રી તરીકે કિરીટભાઇ મૈયડ તથા ઉપપ્રમુખ તરીકે નિર્મળભાઇ મેતા અને ભાનુભાઇ મિયાત્રા, ખજાનચી તરીકે મહેશભાઇ ચાવડાની નિમણૂંક કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કર્મચારી મંડળના પ્રમુખ મનસુખભાઇ બાળા, મંત્રી કિરીટભાઇ મૈયડ મંડળના હોદ્દેદારો કમલેશભાઇ બાબરીયા, મહેશભાઇ ચાવડા, નિર્મળભાઇ મેતા, રાજેશભાઇ ડાંગર, રમેશભાઇ છૈયા, કાનાભાઇ રામ, ભાનુભાઇ મિયાત્રા પ્રણવભાઇ પંચોલી, પ્રકાશભાઇ મ્યાત્રા, પુંજાભાઇ વરૂ, મંડળના પૂર્વ પ્રમુખ પ્રો. રમેશભાઇ ડાંગર, પ્રો.રામભાઇ વારોતરીયા, ધીરૂભાઇ ડાંગર, જેઠસુરભાઇ ગુજરીયા, સુભાષભાઇ ડાંગર, કરશનભાઇ મેતા, રાવતભાઇ ડાંગર, ચંદુભાઇ મિયાત્રા, દિલીપભાઇ ચૌહાણ તથા કારોબારી અને સક્રિય સભ્યો ભૂપતભાઇ છૈયા, વિજયભાઇ કુંભરવાડીયા, અજીતભાઇ લોખીલ, સંદિપભાઇ અવાડીયા, રમેશભાઇ બોરીચા, પ્રકાશભાઇ મંઢ, ભરતભાઇ કાનગડ, મહેશભાઇ ડાંગર, વનરાજભાઇ ચાવડા, ગૌતમભાઇ ચાવડા, પ્રવિણભાઇ મેતા, નિકુલભાઇ આહીર, સંજયભાઇ હુંબલ, ભરતભાઇ હુંબલ, જયેશભાઇ ડાંગર, નિલેશભાઇ મકવાણા, દિપેનભાઇ બાબરીયા, ભીમભાઇ ડાંગર, નારણભાઇ કુવાડીયા, રામભાઇ લાવડીયા, અજયભાઇ ડાંગર, મયુરભાઇ ગજીયા, વિજયભાઇ મેતા, જયપાલભાઇ બરાળીયા, પ્રવિણભાઇ જીલરીયા, ચીરાગભાઇ ગરૈયા, રાજેશભાઇ ચાવડા, પાર્થભાઇ મૈયડ, ચીરાગભાઇ કાનગડ, કલ્પેશભાઇ મિયાત્રા, ધવલભાઇ મેતા, હરદેવભાઇ ચાવડા, ચંદ્રેશભાઇ પરડવા, મયુરભાઇ બોરીચા, રવિભાઇ કામલીયા, રાહુલભાઇ ભૂતૈયા, ભાવેશભાઇ ચાવડા, હિતેશભાઇ હુંબઇ અને મંડળના તમામ સભ્યો આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રણવભાઇ પંચોલી અને પ્રવિણભાઇ મેતાએ કરેલ. તેમ જણાવ્યું હતું.

## રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા સુરેન્દ્રનગર જીલ્લાના ૧૨ તાલુકામાં કાર્યક્રમ સંપન્ન

### ખાતેદારોએ બેંક વ્યવહાર દરમિયાન શું કરવું અને શું ન કરવું એ અંગેની સમજૂતી અપાઇ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૪

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નિર્દેશ અનુસાર બેંકો દ્વારા રાષ્ટ્રવ્યાપી જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત નવેમ્બર ૨૦૨૨ના સમગ્ર માસ દરમિયાન દેશભરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમનાં કેન્દ્રસ્થાને ખાતેદાર હતા. રાજકોટ નાગરિક સહકારી બેંક દ્વારા સુરેન્દ્રનગર જીલ્લાના ૧૨ તાલુકાઓમાં કાર્યક્રમ સંપન્ન થયા હતા.

આરબીઆઇ દ્વારા હાલનાં આર્થિક વ્યવહારો પૈકી પસંદગીના વિષયો નક્કી કરાયા હતા. જેવા કે, (૧) એટીએમ ટ્રાન્સઝેકશન નિષ્ફળ જાય તો શું કરવું ? (૨) ખાતાઓની પાકતી મુદતની રકમ મેળવવામાં મુશ્કેલી થાય છે ? (૩) તમારી જાણ વગર અનઅધિકૃત વ્યવહાર થાય છે ? (૪) કોઇપણ પ્રકારની સુચના વગર શુલ્ક (ચાર્જીસ) વસુલવામાં આવે છે ? (૫) બેંક તમારી ફરિયાદનું નિરાકરણ નથી કર શકતી ? સાથો સાથ બેંક, એનબીએફસી કે આરબીઆઇમાં તમારી ફરિયાદ કેવી રીતે નોંધાવવી ? તમારા ખાતામાં અનધિકૃત વ્યવહાર થાય તો શું કરવું ? બેંક અથવા એનબીએફસી દ્વારા તમારી ફરિયાદ નકારી કાઢવામાં આવે તો ક્યાં સંપર્ક કરવો ? શું તમે ભારતીય રિઝર્વ બેંકની એકીકૃત લોકપાલ યોજના હેઠળ ફરિયાદોના મફત અને સુવિધાજનક નિરાકરણ વિશે જાણો છો ? શું તમને ગ્રાહક તરીકે તમારા અધિકારો અને જવાબદારીઓની જાણ છે ? વિશે વિસ્તૃત જાણકારી આપવા માટે આર.બી.આઇ.ની સેન્ટ્રલ ઓફિસના કન્ઝુમર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ડિપાર્ટમેન્ટ દ્વારા નાણાંકીય સેવાઓના ગ્રાહક અધિકારો, આંતરિક ફરિયાદ નિવારણ પદ્ધતિ તેમજ વૈકલ્પિક ફરિયાદ નિવારણ પદ્ધતિ અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટે આ અભિયાન યોજાયેલ.

આ તમામ વિષય અંગે સરળ સમજુતી માટે આરબીઆઇ દ્વારા દેશભરની તમામ પ્રકારની બેંકો અને નોનફાયનાન્સિયલ સંસ્થાઓને વિવિધ શહેર કે જીલ્લા મુજબ કેન્દ્ર ફાળવેલા હતા. બેંક દ્વારા પ્રોજેક્ટર ઉપર દરેક મુદ્દાની વિસ્તૃત સમજણ મળી રહે તેવું પ્રેઝન્ટેશન તૈયાર કરાયેલ. સ્થાનિક લેવલે આગેવાનોએ વિશેષ જહેમત ઉઠાવી હતી તેમ યાદીમાં જણાવ્યું છે.

## દીકરીના જન્મથી લઈને આત્મનિર્ભર બનાવવા સુધીની સફરમાં સરકાર વ્હારે : ડો. દર્શિતાબેન શાહ

### પ્રમુખ સ્વામી ઓડીટોરિયમ ખાતે 'કિશોરી કુશળ' બનો કાર્યક્રમ યોજાયો





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૪

મહિલા અને બાળ કલ્યાણ વિભાગ અને આઈ.સી.ડી.એસ. વિભાગ ગુજરાત સરકાર દ્વારા બેટી બચાવો બેટી પઢાવો તથા પૂર્ણા યોજના અંતર્ગત તા.૩ જાન્યુઆરીથી સશક્ત અને સુપોષિત કિશોરી અભિયાનનો શુભારંભ થઈ ચુક્યો છે. જે અનુસંધાને રાજકોટ સ્થિત પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે રાજકોટ મહાનગર પાલિકા, રાજકોટ ગ્રામ્ય તથા પડધરીના સંયુક્ત ઉપક્રમે કિશોરી કુશળ બનો મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય દર્શિતાબેન શાહે જણાવ્યું હતું કે, આજે મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગવું કામ કરીને અનેરી સિદ્ધીઓ પ્રાપ્ત કરી રહી છે.પછી અવકાશ હોય કે ઓટો મોબાઈલ ક્ષેત્ર,રમત ગમતથી લઈને રાજકારણના ક્ષેત્રમાં પણ મહિલાઓએ આગવું કાઠું કાઢ્યું છે.. મહિલાઓના સર્વાંગી વિકાસ માટે સરકાર દ્વારા બજેટમાં પણ નોંધપાત્ર નાણાં ફાળવવામાં આવી રહ્યા છે. દીકરીના જન્મથી લઈને તેને આત્મનિર્ભર બનાવવા સુધીની સફરમાં ગુજરાત સરકાર વિવિધ યોજનાઓના માધ્યમ થકી હરહંમેશ તેની પડખે ઉભી છે.

આ તકે મહિલાઓને આત્મ નિર્ભર બનાવવાની પ્રેરણા આપતાં અને સ્વસ્થ જીવન માટે સુપોષિત આહારનું મહત્વ સમજાવતાં વિવિધ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ, આરોગ્ય વિભાગ, જિલ્લા બાળ સુરક્ષા એકમ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,મદદનીશ બાગાયત નિયામક (કેનિંગ) વિભાગ સહિતના અન્ય વિભાગના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. વધુમાં સ્વ બચાવ તાલીમના નિદર્શન સાથે કિશોરીઓને પોતાનું રક્ષણ જાતે કરવાની પ્રેરણા આપવામાં આવી હતી તેમજ આરોગ્ય વિભાગ દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત કિશોરીઓના હિમોગ્લોબીન અને બી.એમ.આઈ.ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા. આ તકે જિલ્લા કલેકટર મહેશ બાબુએ વિવિધ સ્ટોલની મુલાકાત લઈને વધુ પ્રેરિત કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી.મંચ ઉપર બિરાજમાન મહાનુભાવોનું પુસ્તક અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપરાંત આ વેળાએ મેયર ડો.પ્રદિપ ડવ અને જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદરે પ્રાસંગિક ઉદ્દ્બોધન કર્યું હતું.સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોગામ ઓફિસર સાવિત્રીબેન નાથજી દ્વારા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, રાજકોટ મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, ડે.કમિશનર આશિષ કુમાર,મહિલા અને બાળ યુવા પ્રવૃતિ સમિતિના ચેરમેન સુમિતાબેન ચાવડા, શિશુ કલ્યાણ સમિતિના ચેરમેન જ્યોત્સનાબેન ટીલાળા સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દેહદાન મહાદાન

## અવસાન નોંધ

રાજકોટઃ રણછોડભાઈ જીવરાજભાઈ સાકરીયા તે લક્ષ્મણભાઈ, ખીમજીભાઈ, મગનભાઈ તથા રમેશભાઈ સાકરીયાના પિતાનું તા.૩ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૫ ને ગુરૂવારે સાંજે ૩ થી ૫ હરિદર્શન, લક્ષ્મી પાર્ક શેરી નં.૨, દર્શન પાર્ક પાછળ જીનેસીસ હોસ્પિટલવાળી શેરી, રૈયા રોડ ખાતે રાખેલ છે.

રાજકોટઃ હુબબીવાળા ગં.સ્વ.હંસાબેન નટવરલાલ શીંગાળા તેઓ સ્વ.નટવરલાલ અમૃતલાલના પત્ની સ્મિતાબેન, હર્ષાબેન, રશ્મિબેન, સ્વ.હિતેનભાઈના માતા તથા સ્વ.ભાલચંદ્રભાઈ પુરૂષોતમભાઈ નંદાણીના પુત્રી કિરીટભાઈ તથા મનહરભાઈ **(U.S.A.)** નંદાણી અને સરલાબહેન હાલાણી (ધ્રાંગધ્રા) ના બહેનનું તા.૩-૧-૨૩ ના રોજ પુના ખાતે અવસાન પામેલ છે.

## શિવગંગા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ટ્રાયસિકલ અર્પણ



**(દિવ્યેશ જટાણીયા દ્વારા)**

દ્વારકા, તા.૪

દ્વારકામાં રહેતા એક ભિક્ષુકના બંને પગમાં ખોટ હોઈ ચાલી ના શકતા હોઈ તેમને શિવગંગા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એક ટ્રાયસિકલ અર્પણ કરવામાં આવેલ હતી. જેમાં હાલ સિંગાપુર રેહતા દર્શકભાઈ રાઈમંગીયા, ભારતીબેન રાઈમંગિયા, તેમજ દ્વારકાના નરેન્દ્રભાઈ રાઇમંગિયા, નીમિતભાઈ રાઈમાંગિયા, અશ્વિનભાઈ ગોકાણી તેમજ શિવગંગા ચેરીટેબલ ટ્રસ્ટના ઈશ્વરભાઈ ઝાંખરિયા અને હિરેનભાઈ ઝાંખરિયા ઉપસ્થિત રહ્યા હતા.

## સમસ્ત ચારણ ગઢવી સમાજ દ્વારા પરમ પૂજ્ય આઇ શ્રી સોનલ બીજની ઉજવણી કરાઇ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૪

રાજકોટના ખોડીયારનગરમાં સમસ્ત ચારણ ગઢવી સમાજ દ્વારા ધામધુમથી પરમ પૂજ્ય આઈશ્રી સોનલ બીજની ઉજવણી કરાઈ, શિવમ ગ્રુપના રણજીતભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગત તા.૨૪ અને ૨૫ ડિસેમ્બરના સમસ્ત ચારણ ગઢવી સમાજના ઉપક્રમે જગદંબા પ્રાત સ્મરણીય આઈશ્રી સોનલમાંના ૯૯ માં જન્મોત્સવની ઉજવણી ખોડીયારનગર ખાતે કરવામાં આવી. ગત તા. ૨૪ ના પૂર્વ સંધ્યાએ ભાતીગળ લોક ડાયરો યોજાયેલ. જેમાં કલાકાર હકાભા ગઢવી, હમીરભા ગઢવી, કિશોરદાન ગઢવી તેમજ મીતરાજ ગઢવીએ સવારના ૪:૩૦ સુધી રંગત જમાવી બહોળી સંખ્યામાં ચારણો ઉપરાંત ચરણેતર જગદંબાને માનનારા કાઠી દરબારો, ક્ષત્રિયો તેમજ તમામ જ્ઞાતિના લોકો હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં પ્રમુખ સ્થાને દરબારશ્રી મંગળુભા ખાચર (ખેરડી) ઉપસ્થિત રહ્યા, ગઢશિશા કચ્છના પરમ પુજય આઈશ્રી માયાઆઈયે આર્શીવચનો આપ્યા, સવારે ૮ વાગ્યાથી ભવ્ય શોભાયાત્રા ગીતાનગરના ગાયત્રી મંદિરથી પ્રસ્થાન કરાઈ અને બહોળી સંખ્યામાં માતાઓ, બહેનો, યુવાનો વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમા એ.સી.પી. જે.બી. ગઢવી (ટ્રાફીક) રાજકોટ તેમજ રામભાઈ જામંગ ચેરમન સોનલમાં એજયુ. ચેરી.ટ્રસ્ટ, ચંદુભા સાબા ચેરમેન ગઢવી ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમો.ટ્રસ્ટ તેમજ રમેશભા જામંગ પ્રમુખ સોનલમાં સેવા સહાય ટ્રસ્ટ, તેમજ ઉદ્યોગપતિ રણજીતભા ઈસરાણી, ઉદ્યોગપતિ લક્ષ્મણભા જામંગ, સમૂહ લગ્નના પ્રમુખ હરીશભાઈ લાંબા, નરહરભાઈ આપાભાઈ બળદા, હરેશભા રાબા અધિકારી, પી.આઈ.એ. તેમજ હાર્દિકભાઈ પ્રફુલભાઈ ગઢવી ફાયર ઓફિસર, તેમજ ગઢવી જ્ઞાતિના હજારોની સંખ્યામાં ભાઈઓ-બહેનો , વડીલો, યુવાનો જોડાયા હતા.

વિદ્યાર્થી સન્માનના કાર્યક્રમમાં જે.બી.ગઢવી, આસી. કમિશનરએ વિદ્યાર્થીને ગરમ ભોજનના ટિફિન આપ્યા હતા. રોકડ પુરસ્કાર લક્ષ્મણભાઈ (વેરવ) લાંબા (લંડન) તરફથી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા. સોનલ બીજ ઉપરાંત ખોડીયારનગરના ચારણોયે ૧૨ બીજ માતાજીના પ્રાગટીય શતાબ્દી મહોત્સવ આખું વર્ષ દર મહિનાની અજવાળી બીજ ઉજવવાનું નકકી કર્યું છે. તેની જ્ઞાતિજનોએ ખાસ નોંધ લેવા અને મહિનાની અજવાળી બીજના ખોડીયારનગરમાં કાર્યક્રમાં ખાસ હાજરી આપવા નિમંત્રણ પાઠવેલ છે. તેમજ પ્રમુખ પ્રકાશભાઈ કવલની યાદીમાં જણાવાયું છે.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ઉપપ્રમુખ મહીપતભા ગઢવી, મંત્રી પ્રવિણભા ગઢવી, ભરતભા ગઢવી, હમીર ગઢવી, રવીરાજ નાગૈયા વગેરે ૧૦૦ થી વધુ યુવાનોએ ખુબજ જહેમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.




# આકાશવાણી રાજકોટ કેન્દ્રને ૩૦ થી વધુ રાષ્ટ્રીય એવોર્ડ મળેલ

# રાજકોટ આકાશવાણી કેન્દ્રનો ૬૮ મો સ્થાપના દિવસ

## રાજકોટ સ્ટેશનથી સૌપ્રથમ પ્રસારિત થનાર કાર્યક્રમ ગામનો ચોરો હતો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૪

આકાશવાણીનું આ રાજકોટ કેન્દ્ર છેઃ લાખો શ્રોતાઓનું પ્રેમનું હુંફાળુ કેન્દ્ર તા.૪થી જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ ૬૯માં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. આકાશવાણી રાજકોટ સ્ટેશન મીડીયમ વેવ ૩૭૦.૩ મીટર્સ એટલે કે ૮૧૦ કી.હર્ટઝ પરથી ૮૦૦ રેડીયલ માઈલ સુધીના પ્રસારણ વડે ૪ કરોડથી વધુ વસ્તીને કવર કરે છે

૪ જાન્યુઆરી ૧૯૫૫માં પદ્મશ્રી દુલા ભાયા કાગ, જયમલ પરમાર અને તત્કાલિન મુખ્યમંત્રી ઉછરંગરાય ઢેબરના અનેક પ્રયાસોથી રાજકોટ આકાશવાણી કેન્દ્રનો પ્રારંભ થયો હતો. જે સમયમાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રના લોકો માટે મનોરંજનનું કોઇ સાધન ન હતું તેવા વખતમાં ૪ જાન્યુઆરી ૧૯૫૫માં રાજકોટ આકાશવાણી કેન્દ્રનો પ્રારંભ થયો હતો. આજે ૬૭ વર્ષના લાંબા સમયગાળા બાદ પણ લાખો શ્રોતાઓના હૃદયમાં પ્રેમથી મનભાવન રાજકોટ આકાશવાણી કેન્દ્ર અનેક ઉતાર-ચડાવ પછી પણ અડીખમ છે. આજે રાજકોટ આકાશવાણી કેન્દ્રનો ૬૮મો સ્થાપના દિવસ છે અને તેના ભાગરૂપે વિવિધતાસભર અનેક કાર્યક્રમો દ્વારા રાજકોટ આકાશવાણી કેન્દ્ર ઉત્સાહભેર ઉજવણી કરવા જઇ રહ્યું છે. રાજકોટના રેડિયો સ્ટેશનની સ્થાપનાનો એક રોચક ઇતિહાસ છે.

રાજકોટ ખાતે ૧ કિલો વોટના ટ્રાન્સમિટર વડે પ્રસારણ શરૂ થયું. રાજકોટ સ્ટેશનથી સૌપ્રથમ પ્રસારિત થનાર કાર્યક્રમ ગામનો ચોરો હતો. ત્યારબાદ સરહદી વિસ્તારને ધ્યાને લઇને ૧૩ જુલાઇ ૧૯૮૭માં ૩૦૦ કિલો વોટ અને મીડિયમ વેવ પ્રસારણની સવલત પ્રાપ્ત કરાવાઇ, જેના દ્વારા ખેતીવિષયક, શૈક્ષણિક અને મનોરંજક પ્રોગામનું પ્રસારણ કરવામાં આવે છે. હાલ રાજકોટથી મુખ્ય ભાષા ગુજરાતી ઉપરાંત હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજીમાં પણ પ્રસારણ કરવામાં આવે છે. પ્રવર્તમાન સમયમાં પણ આકાશવાણી રાજકોટ કેન્દ્ર ૬૮ વર્ષ બાદ પહેલા જેવી જ લોકપ્રિયતા ધરાવે છે, ઉપરાંત સૈનિકો, ખેડૂતો, મહિલાઓ,બાળકો અને યુવાનોમાં પણ આકાશવાણી રાજકોટ વર્ષોથી જાણીતું ને માનીતું રહ્યું છે. આકાશવાણી રાજકોટ કેન્દ્ર ટેક્નોલોજી અને સોશિયલ મીડિયામાં કદમથી કદમ મેળવીને અગ્રેસર છે.

આકાશવાણી રાજકોટ કેન્દ્રને અત્યાર સુધી ૩૦થી વધુ રાષ્ટ્રીય એવોર્ડ મળેલ છે. ૩ વર્ષ પહેલાતો એક જ વર્ષમાં પાંચ રાષ્ટ્રીય એવોર્ડ મળતા રાજકોટનું નામ સમગ્ર દેશમાં રોશન કરેલ છે. આકાશવાણી રાજકોટ કેન્દ્રનાં કેટલાક મહત્વનાં કાર્યક્રમો જૂની પેઢી-નવી પેઢીને સાંકળે છે. ત્યારે અર્ચના-રત્નકણીકા, સહિયર, સંતવાણી, સોનાવાટકડી, ગામનો ચોરો, જયભારતી, યુવવાણી, બાલસભા જેવા વિવિધ કાર્યક્રમો શ્રોતાઓને આજેય મનોરંજન પૂરું પાડી રહ્યા છે. સૌરાષ્ટ્રની કાઠિયાવાડી સંસ્કૃતિને રાસ-ગરબા-ભજનોને આજે પણ આકાશવાણી-રાજકોટ કેન્દ્રએ જીવંત રાખ્યા છે

વર્તમાન કાર્યક્રમ અધ્યક્ષ હિતેષ માવાણીના માર્ગદર્શન હેઠળ પ્રેરક વૈદ્ય, ઓજસ મંકોડી, સુધીર દત્તા, ડો. ભરત પટેલ (સંગીત કાર્યક્રમો), સલીમ સોમાણી, અટલ શર્મા અને ભરત કરમટા, સમગ્ર પ્રસારણની ધુરા સંભાળી રહ્યા છે. જયારે શ્રોતાઓ સુધીના માઈક્રોફોન યાત્રીઓ તરીકે રાજુ યાજ્ઞિક અને વિપુલ બુચ જવાબદારી સંભાળી રહ્યા છે.

આકાશવાણી રાજકોટના ૬૯માં સ્થાપના દિવસને અનુલક્ષીને અનેક વિધ રસપ્રચુર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં તા.૪ જાન્યુઆરીને બુધવાર ના રોજ સલીમ સોમાણી અને ભરત કરમટાના નિર્માણ હેઠળ, રાત્રે ૯:૩૦ થી ૧૦ આપણી વાણી આકાશવાણી, આ કાર્યક્રમમાં નિવૃત ક્રમયોગીઓનાં સંભારણા રજૂ થશે. કાર્યક્રમ પરામર્શ હિતેશ માવાણીનું છે. તેમ જણાવ્યું હતું.

---



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

### મકરસંક્રાતિએ ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે

# ‘કરૂણા અભિયાન-૨૦૨૩’નાં ૯ વિશેષ કંટ્રોલરૂમ શરૂ કરાશે

### કરૂણા અભિયાનમાં ૪૦ તબીબો સેવા આપશે

રાજકોટ, તા.૪

રાજયભરમાં ઉતરાયણનો તહેવાર ઉમંગપૂર્વક ઉજવાતો હોય છે. પરંતુ આ દરમિયાન પતંગની દોરીથી પક્ષીઓને ઇજા થવાના અને મૃત્યુ થવાના સંખ્યાબદ્ધ બનાવો બનતા હોય છે. આવા બનાવો નિવારવા તથા ઇજા પામેલ પક્ષીઓને બચાવવા માટે રાજય સરકાર દ્વારા જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી કરૂણા અભિયાન શરૂ કરાશે. તા. ૧૦ મીથી તા. ૨૦/૦૧/૨૦૨૩ દરમિયાન આ અભિયાન હેઠળ રાજયભરનાં તમામ જિલ્લા કલેકટરની તેમજ મ્યુનિસિપલ કમિશનરની પ્રત્યક્ષ દેખરેખ હેઠળ વન વિભાગ, પશુપાલન વિભાગ, શિક્ષણ વિભાગ, પોલીસ તંત્ર, એનિમલ વેલફેર બોર્ડ, જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી, વિવિધ ગૌશાળાઓ પાંજરાપોળો, વિદ્યુત બોર્ડ અને રાજયભરમાં પથરાયેલ વિવિધ જીવદયાપ્રેમી સંસ્થાઓ વચ્ચે સંકલન સાધી સઘનપણે પક્ષીઓને બચાવવાની કામગીરી સુઆયોજીત ઢબે હાથ ધરાશે. આ અભિયાનમાં જીવદયાપ્રેમીઓ અને જીવદયાક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ સાથે સંકલન કરવું અને તેમને જીલ્લા તંત્ર સાથે આ અભિયાનમાં મોટા પાયે સાંકળવું એ અતિ મહત્વનો અભિગમ રહેશે. આ અન્વયે દરેક જિલ્લા મુખ્ય મથકોએ હેલ્પલાઈન, વિવિધ સ્થળોએ ઓપરેશન થિયેટર તેમજ પક્ષીઓનાં સારવાર કેન્દ્રો ઉભા કરી, ઇજા થયેલ પક્ષીઓને સારવાર આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનમાં વનવિભાગ, પશુપાલન વિભાગ, પોલીસ તંત્ર, વિવિધ સરકારી તેમજ અર્ધસરકારી તંત્રો, વિવિધ સ્વૈચ્છીક સંસ્થાઓ તેમજ પશુચિકિત્સક અધિકારીઓ, મહાનગરપાલિકા, માહિતી ખાતુ, ખાનગી વેટરનરી ડોકટરો સહિતનાઓને પણ સામેલ કરવામાં આવેલ છે. મકર સંક્રાંતિએ પતંગનાં દોરાથી ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે કરૂણા અભિયાન-૨૦૨૩ અંતર્ગત કંટ્રોલરૂમનો રાજકોટનાં જીવદયા પ્રેમી કલેકટર અરૂણ મહેશ બાબુનાં માર્ગદર્શનમાં થશે. જેમાં ભારત સરકારનાં પશુપાલન અને ડેરી મંત્રાલય, નેશનલ એડવાઈઝરી કમિટીના મિતલ ખેતાણી, એનિમલ હેલ્પલાઈનનાં પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ મહેતા, ડો. માધવ દવે, ચંદેશભાઈ પટેલ, રાહુલ ખીવસરા, ડો. શૈલેષ જાની, કેતન બોરીસાગર તથા સાથી ટીમ પણ ખાસ ઉપસ્થિત રહી સહકાર આપશે. કરૂણા અભિયાનમાં જૂનાગઢ વેટરનરી કોલેજ તથા આણંદ વેટરનરી કોલેજના નિષ્ણાંત તબીબો, કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનિમલ હેલ્પલાઈન રાજકોટનાં ડો.નિકુંજ પીપળીયા, ડો. દીપ સોજીત્રા, ડો. રવી માલવીયા તથા સાથી ટીમનાં ૪૦ તબીબો પોતાની સેવા આપશે.

મકર સંક્રાંતીએ પતંગના દોરાથી ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે તા.૧૩, તા.૧૪ તથા ૧૫ જાન્યુઆરી મકર સંક્રાંતીનાં રોજ રાજકોટના (૧) ત્રિકોણબાગ, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪), (૨) પેડક રોડ, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ ૯૮૯૮૪ ૯૯૯૫૪) (૩) આત્મીય કોલેજ પાસે, કાલાવડ રોડ, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ ૯૮૯૮૪ ૯૯૯૫૪), (૪) કિશાનપરા ચોક, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯/૯૮૯૮૪ ૯૯૯૫૪), (૫) માધાપર ચોકડી પાસે, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ ૯૮૯૮૪ ૯૯૯૫૪) તથા (૬) સંસ્થાની કાયમી, નિઃશૂલ્ક એનીમલ હેલ્પલાઇન વેટરનરી હોસ્પિટલ (જુની શ્રીજી ગૌશાળા, તુલીપ પાર્ટી પ્લોટ પાછળ, હોટલ ક્રિષ્નાપાર્ક વાળો સર્વિસ રોડ, ગોંડલ રોડ, વાવડી, રાજકોટ (મો.૯૮૯૮૦૧૯૦૫૯ / ૯૮૯૮૪૯૯૯૫૪), (૭) રાજકોટ મહાજનની પાંજરાપોળ નદીનાં કાંઠે, ભાવનગર રોડ, રાજકોટ (ફોન નં.૦૨૮૧-૨૪૫૭૦૧૯), (૮)પંચનાથ એનીમલ હોસ્પીટલ, પંચનાથ મંદિર, રાજકોટ (મો.૯૪૨૮૫ ૧૭૬૦૦), (૯) શેણી મેમોરીયલ ટ્રસ્ટ (એનીમલ હેલ્પલાઈન શેલ્ટર), શ્રેયાંસ સ્કૂલ પાસે, એફ.સી.આઈ. ગોડાઉન રોડ, શેઠનગર પછી તરત, પ્રિન્સેસ સ્કૂલનાં ગ્રાઉન્ડ પાછળ, જામનગર રોડ, રાજકોટ (મો.૯૮૯૮૦૧૯૦૫૯/૯૮૯૮૪૯૯૯૫૪), રાજકોટ ખાતે એમ કુલ ૯ વિશેષ કંટ્રોલરૂમ સવારે ૯ થી રાત્રીના ૭ સુધી શરૂ કરાશે.

કરૂણા અભિયાન-૨૦૨૩ અંગેની વિશેષ માહિતી માટે મિતલ ખેતાણી (મોઃ ૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (મો. ૯૯૯૮૦ ૩૦૩૯૩) તથા એનીમલ હેલ્પલાઇન (મોઃ૯૮૯૮૦ ૧૯૦૫૯, ૯૮૯૮૪ ૯૯૯૫૪)નો સંપર્ક કરવો.

---

### સરગમ કલબ તેમજ એચ.પી. રાજયગુરૂના સંયુકત ઉપક્રમે

# દિવ્યાંગો માટે વિનામૂલ્યે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાયો





### ૩ દિવસ કેમ્પમાં ૯૭ દર્દીએ લાભ લીધોઃ ગુણુભાઈ ડેલાવાળા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૪

સરગમ કલબ અને એચ.પી. રાજયગુરૂના સંયુકત ઉપક્રમે ડો. પ્રવીણભાઈ એલ. રાજ્યગુરૂની પુણ્ય સ્મૃતિમાં તા.૧ રવિવારથી ૩ ના રોજ આ જયપુર કેમ્પ યોજાયો.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર,આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવશે. આ કેમ્પમાં કુલ ૯૭ દર્દીએ લાભ લીધેલ જેમાં કેલીપર્સના દર્દી ૩૫ અને લેગ (પગ) ના ૫૮ દર્દીઓએ વિનામૂલ્યે લાભ લીધેલ. સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર,આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા એચ. પી. રાજયગુરૂ કંપની ના હેતલભાઈ રાજ્યગુરૂ માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ આ કેમ્પની સફળતા માટે કમાણી ફાઉન્ડેશનના કિશોરભાઈ પરમાર જે કે સરાઠે, પ્રફુલભાઈ મીરાણી, તેમજ સરગમ કલબના કમિટી મેમ્બર, તેમજ સરગમ લેડીઝ-કમિટી મેમ્બરો, કૈલાશબેન વાળા, જયશ્રીબેન વ્યાસ,મિતલબેન ચગ, ભાવનાબેન મહેતા ચેતનાબેન સવજાણી, આશાબેન લૂછયા, વગેરેએ જહેમત ઉઠાવી હતી. આ કેમ્પમાં રાજસ્થાનના ડોકટરો જગનલાલ ચૌધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર, રામપ્રસાદ મેઘવાલ વગેરે સેવા આપેલ. તેમ સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું હતું.

---

# જસદણ નગરપાલિકાના ચીફ ઓફિસરને વીજતંત્રએ લેણા માટે નોટીસ ફટકારી

(હુસામુદ્દીન કપાસી દ્વારા)
જસદણ, તા.૪




જસદણમાં પીવીજીસીએલએ પોતાનાં બાકી નીકળતાં વીજબિલ અંગે કડક બનતાં બાકીદાર ગ્રાહકોમાં ફફડાટ ફેલાયો છે. જસદણ વીજતંત્રના નાયબ ઈજનેર તરીકે આર.એસ. ચૌધરી આવતાં તંત્ર પોતાનાં લેણાની વસુલાત માટે કડક કાર્યવાહી હાથ ધરી છે. તંત્રએ જસદણ નગરપાલિકાના ચીફ ઓફિસરને એક નોટીસ ફટકારી જેમાં રૂ.૩૫,૮૪,૫૦૯ તાત્કાલિક અસરથી ભરી જવાનું કહેવામાં આવ્યું છે. આ અંગે વીજતંત્રના ના. ઈજનેર ચૌધરીએ જણાવ્યું હતુંકે જસદણ પીજીવીસીએલ જુદા જુદા વિસ્તારોમાં વીજગ્રાહકો પાસે અંદાજિત રૂપિયા પાંચ કરોડથી વધુ રકમ વીજબિલ પેટે માંગે છે તે પૈકી જસદણ નગરપાલિકા અને ૨૮૦૦ શહેરીજનો ઉપરાંત ૧૧૦૦ જેટલા ખેતીવાડીના ગ્રાહકો પાસેથી અમારી લેણી રકમ નીકળે છે. જો આ રકમ કોઈ ભરપાય નહીં કરે તો અમે પોલીસ ફરિયાદ પણ નોંધાવશું હાલ વિજ કંપની દ્વારા ઉઘરાણીનો દૌર યથાવત રહેતાં વીજબિલ બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે.

---

# વિધાનસભા ચૂંટણીઓના મતદાન સ્ટાફ અને ચૂંટણી કામગીરી કરનાર સ્ટાફને મહેનતાણું ચૂકવી દેવા આદેશ

## મહેનતાણું આપી તેનું પ્રમાણપત્ર તા.૧૫ મી સુધીમાં મોકલી આપવા ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારીનો તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને આદેશ

ગાંધીનગર, તા.૪

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓના બંને તબક્કા દરમ્યાન ચૂંટણીલક્ષી કામગીરી માટે રોકાયેલા સ્ટાફ અને મતદાન સ્ટાફને મહેનતાણું ચૂકવી દેવા માટે ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારીએ તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ તથા તમામ વિધાનસભા મત વિસ્તારના ચૂંટણી અધિકારીઓને સ્પષ્ટ આદેશ આપ્યો છે.

રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીએ ખાસ પરિપત્ર બહાર પાડીને આદેશ આપ્યો છે. પરિપત્રમાં દર્શાવ્યું છે કે, ચૂંટણીઓ પૂરી થયે એક મહિના જેટલો સમયગાળો વીતી ગયો હોવા છતાં મતદાન સ્ટાફ તથા ચૂંટણીલક્ષી કામગીરી માટે રોકાયેલ અન્ય સ્ટાફને મહેનતાણાના નાણાં મળ્યા ન હોવાની રજૂઆતો ચૂંટણી કચેરીને મળી છે.

મુખ્ય ચૂંટણી અધિકારીએ આદેશ આપ્યો છે કે, તમામ સ્ટાફને એમના મહેનતાણાના નાણાં ૧૦ દિવસમાં અચૂક ચુકવી દેવામાં આવે. એટલું નહીં નાણાં ચૂકવ્યા બાદ હવે કોઈ મહેનતાણાના નાણા ચૂકવવાના બાકી રહેતા નથી એ અંગેનું પ્રમાણપત્ર પર તા.૧૫ જાન્યુઆરી સુધીમાં મુખ્ય ચૂંટણી અધિકારી કચેરી બીજો માળ સચિવાલય ખાતે મોકલી આપવામાં આવે એવો આદેશ અપાયો છે. તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને વિધાનસભા મત વિભાગના ચૂંટણી અધિકારીઓએ પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે.(૨.૧૨)

---

# વોર્ડ નં.૧૬ યુવા ભાજપના પ્રમુખ નાગજી રાદડીયાનો આજે જન્મદિવસ



રાજકોટઃ શહેર વોર્ડનં.૧૬ યુવા ભાજપના પ્રમુખ નાગજીભાઈ રાદડીયાનો આજે જન્મદિવસ છે. આજે તેમના જન્મદિવસે તેમના મો.નં.૭૭૨૩૯ ૪૪૪૪૪, ૮૯૮૦૦ ૯૬૧૫૧ વિવિધ ક્ષેત્રના સામાજીક વેપારી, રાજકીય અગ્રણીઓ કાર્યકરો દ્વારા શુભેચ્છાઓ વર્ષી રહી છે.

---

# ૧૭ જાન્યુઆરીથી શનિ ગ્રહનો કુંભ રાશીમાં પ્રવેશ

રાજકોટઃ તા.૧૭/૧/૨૩ ને મંગળવાર પોષ વદ દશમના દિવસે શનિ મહારાજ પોતાની કુંભ રાશીમાં પ્રવેશ કરશે. તા.૧૭/૧/૨૩ થી ૨૯/૩/ ૨૦૨૫ સુધી શનિ ગ્રહ કુંભ રાશીમાં રહેશે.

જયારે ૨૪/૧/૨૦ થી શનિ મકર રાશીમાં હતો. આ વર્ષો દરમ્યાન લોકોએ કોરોનાનો માર પડેલો. આથી શનિ બીમારી, આર્થિક અને ગ્રહ સંબંધી સારી નરશી બાબતે ખાસ અસર કરે છે. શનિ ગ્રહ કર્મોના ફળ દાતા તરીકે ગણાય છે. આથી શનિગ્રહનું રાશી પરિવર્તન ખાસ મહત્વ ધરાવે છે.

ભારત દેશની કુંડળી જોતા શનિ કર્મભુવનમાંથી પસાર થશે. આથી વ્યાપાર ઉદ્યોગમાં પ્રગતિ થાય, રાજકીય ગતિવિધિ વેગવાન બને, નાના ઉદ્યોગોને શનિ લાભ આપે, ખેતીવાડી ક્ષેત્રે સારી પ્રગતિ કરે.

બારેય રાશીને શનિ શું ફળ આપશે તથા નાની-મોટી પનોતી કઈ રાશીને લાગુ પડશે તેની વિગત.

મેષ (અ.લ.ઈ): મેષ રાશીના જાતકોને કુંભનો શનિની દ્રષ્ટિ જન્મના ચંદ્ર ઉપર પડશે. આથી માનસિક શાંતિ રાખવી, ઈચ્છાશક્તિને કાબુમાં રાખવી, અચાનક લાભ મળવાના યોગ ખરા, મોટા ભાઈ-બહેનો સાથે સંબંધ સુધરે ખરા.

વૃષભ (બ.વ.ઉ): વૃષભ રાશીના જાતકોને શનિ કર્મભુવનમાંથી પસાર થશે. નોકરી વ્યાપાર ધંધામાં લાભ આપે. ધીમી પણ સારી પ્રગતિ થાય. ૩૦/૧૦/૨૩ સુધી બારેય રાહુ છે. ત્યારબાદ લાભ મળે, ઘરમાં શાંતિવાળું વાતાવરણ રાખવું જરૂરી.

મિથુન (ક.છ.ઘ): નાની પનોતીમાંથી રાહત મળે. શનિ ભાગ્ય ભુવનમાંથી પસાર થાય. ધાર્મિક કાર્યો પૂજાપાઠ, જપ, તપ કરવાથી જીવનમાં લાભ મળે. ખોટા મિત્રોથી દુર રહેવું.

કર્ક (ડ.હ): નાની પનોતી રૂપાના પાયે શરૂ થશે. જે લક્ષ્મીદાયક છે. વારસાગત વ્યાપારમાં પ્રગતિ થાય સાથે ખર્ચા પર કાબુ રાખવો જરૂરી. સંતાનના અભ્યાસમાં ધ્યાન દેવું. હનુમાનજીની ઉપાસના કરવી.

સિંહ (મ.ટ): સિંહ રાશીના જાતકોને શનિ મહારાજ સાતમાં સ્થાનમાંથી માન-સન્માન, યશ મળે. પતિ કે પત્ની સાથેના સંબંધો સુધારવા. વિવાહમાં થોડો વિલંબ થાય.

કન્યા (પ.ઠ.ણ): કન્યા રાશીના જાતકોને શનિ મહારાજ છઠ્ઠા સ્થાનેથી પસાર થશે. કોર્ટ-કજીયા, કેસથી દુર રહેવું. ખોટા ખર્ચા અને વ્યસનોથી દુર રહેવું. વારસાગત વ્યાપાર હોય તો તેમાં પુરતું ધ્યાન આપવું જરૂરી બનશે.

તુલા (ર.ત): તુલા રાશીના જાતકોના શનિ ગ્રહ પાંચમા સ્થાનેથી પસાર થશે. નાની પનોતીમાંથી મુક્તિ મળશે. રાહતનો અનુભવ થશે. વિદ્યા અભ્યાસમાં લાભ મળે. પતિ-પત્ની સાથેના સંબંધો સુધારેલા રાખવા ઝઘડા કરવા નહીં. નાણાંકીય બચત રાખવી જરૂરી બનશે. વાણી પર કાબુ રાખવો.

વૃશ્ચિક (ન.ય): નાની પનોતી સોનાના પાયે શરૂઆત થશે. જે ચિંતાદાયક ગણાય છે. જીવનમાં શાંતિ રાખવી, નોકરી-ધંધામાં યોગ્ય વ્યક્તિ સાથે અથવા અધિકારી વર્ગ સાથે બહુ વિચારી અને બોલવું, નોકરી વ્યાપાર-ધંધામાં પુરતું ધ્યાન દેવું, હનુમાનજી તથા ગણપતિ દાદાની ઉપાસના કરવી.

ધન (ભ.ફ.ધ): ધન રાશીના જાતકોને શનિ ગ્રહની મોટી પનોતીમાંથી રાહત મળશે. યોગ્ય મહેનત કરવાથી પુરતું ફળ મળે, વ્યસનોથી દુર રહેવું, આર્થિક લાભ મળતા શરૂ થાય.

મકર (ખ.જ): મકર રાશીના જાતકોને સાડાસાતી એટલે કે, મોટી પનોતીનો અંતિમ તબક્કો શરૂ થશે. પગેથી પસાર થાય સોનાના પાયે છે. ચિંતા કરાવે, કર્જ કરવું નહીં, જીવનના મોટા નિર્ણય યોગ્ય વ્યક્તિની સલાહ લેવી. શનિ કવચના પાઠ કરવા અથવા શનિના મંત્ર જપ કરવા, હનુમાનજીની ઉપાસના કરવી.

કુંભ (ગ.શ.સ): કુંભ રાશીના જાતકોને શનિની મોટી પનોતીનો બીજો તબક્કો છાતીએથી પસાર થાય. જે લક્ષ્મીદાયક છે. છતાં પણ જીવનમાં શાંતિ રાખી આગળ વધવું, ખોટી દોડધામ કરવી નહીં. કોઈપણ જાતના કાવાદાવા કરવા નહીં. શાંતિથી વિચારી અને દરેક કામ કરવું, સત્યનું આચરણ કરવાથી શનિ લાભ અપાવશે. શનીના જાપ કરવા હનુમાનજીને તેલ ચડાવવું, દીવો કરવો.

મીન (દ.ચ.ઝ.થ): મીન રાશીના જાતકોને શનિની મોટી પનોતીનો પહેલો તબક્કો માથેથી રૂપાના પાયે પસાર થશે. લક્ષ્મીદાયક છે. આર્થિક લાભ મળે, કુટુંબમાં માન-સન્માન મળે. ખાસ કરીને ઘરમાં શાંતિથી વર્તન રાખવું. જરૂરી બને જમીન- મકાનના સોદા ધ્યાનપૂર્વક કરવા જરૂરી બને.

જે લોકોને શનીની નાની મોટી પનોતી રહેશે તેવો એ દર શનિવારે અથવા દરરોજ હનુમાનજીને સરસવના તેલનો દીવો કરવો એક રામનામની માળા કરી ત્યારબાદ ૩-૫ અથવા ૭ હનુમાન ચાલીસાના પાઠ કરવા અળદ પગરખા કાળા કપડાનું દાન દેવું. ગરીબોની મદદ કરવી શનીના વેદોકત મંત્ર જપ પણ કરાવી શકાય જીવનના મોટા નિર્ણયો યોગ્ય વ્યકિતની સલાહ લઈને લેવા.



શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)

---

# પોલીસ હેડ કવાર્ટર અમરેલી ખાતે વ્યાજખોરોથી પીડિત નાગરિકો માટે લોકદરબારનું આયોજન

(મિલાપ રૂપારેલીયા દ્વારા)
અમરેલી, તા.૪

આગામી દિવસોમાં ગુજરાત પોલીસ દ્વારા વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવા સ્પેશિયલ ડ્રાઇવનું આયોજન કરવામાં આવનાર છે. જે અંતર્ગત અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહના માર્ગદર્શન હેઠળ આગામી તા.૫ ના રોજ સવારે ૧૧ વાગ્યે જિલ્લા તાલીમ કેન્દ્ર,પોલીસ હેડ કવાર્ટર, અમરેલી ખાતે વ્યાજખોરોથી પીડિત નાગરિકો માટે લોકદરબારનું આયોજન કરવામાં આવનાર છે.

તા.૫ ના રોજ યોજનાર લોકદરબારમાં વ્યાજખોરોથી પીડિત નાગરિકોએ પોતાની રજૂઆત લેખિત અરજીના રૂપે લાવવાની રહેશે. આ વ્યાજખોર વિરુદ્ધ યોજનાર લોકદરબાર અંગે વધુ માહિતી મેળવવા નાગરિકો અમરેલી જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ ૦૨૭૯૨-૨૨૩૪૯૮ પર સંપર્ક કરી શકે છે.

### શ્રી પ્રગટ ચેરી. ટ્રસ્ટ દ્વારા મકરસંક્રાંતિ નિમિતે

# જરૂરીયાતમંદ લોકોને વિનામૂલ્યે ચીકી સહિતનું વિતરણ કરાયું





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૪

શ્રી પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મકરસંક્રાંતિના તહેવાર નિમિતે ગંગાસ્વરૂપ માતાઓ તથા જરૂરીયાતમંદ લોકોને ગત તા.૧ જાન્યુઆરીના રોજ અડદીયા, મમરાના લાડવા, ચીકી, ખીચડી તથા ઘઉંનો લોટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ.

આ પ્રસંગે રાજકોટ શહેર યુવા ભાજપ પ્રમુખ કિશનભાઇ ટીલવા, રઘુવંશી અગ્રણી ભરતભાઇ લાખાણી, શોફટ કોમવાળા મહેશભાઇ તન્ના, અગ્રણી બિલ્ડર્સ ટીનાભાઇ ડાભી વગેરે મહેમાનોના હસ્તે વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ.

આ માનવ સેવા કાર્યમાં ટ્રસ્ટના પ્રમુખ જગદીશભાઇ ભટ્ટની આગેવાની હેઠળ કશ્યપ ભટ્ટ, પાર્થ દવે, દેવાંગ ભટ્ટ, ચિંતન રાચ્છ, જયમીલ પંડ્યા, ધર્મેશભાઇ રાઠોડ, પાવન શીશાંગીયા, સવજી બાપા, જયાબેન વાધેલા વગેરે કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી છે.

સંસ્થા દ્વારા આગામી પુરૂષોતમ માસમાં ગંગા સ્વરૂપ માતાઓ માટે તા.૨૧-૭ થી ૩૧-૭-૨૦૨૩ સુધી હરિદ્વાર ગંગા કિનારે ૧૦૮ પોથી ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવેલ છે. વધુ માહિતી માટે (મો.૯૯૨૫૦ ૧૮૮૮) ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

# જૂનાગઢમાં ૪૦ થી ૪૫ કિલોમીટરના ઝડપે ફૂંકાયો પવન



### સવારથી રોપ-વે સેવા બંધ કરાઈઃ ગિરનાર ઉપર પગથિયા ચડી પહોંચેલા યાત્રિકો ભારે પવનમાં ઠુંઠવાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
જૂનાગઢ, તા.૪

સમગ્ર સોરઠ પંથકમાં સુસવાટા મારતો ભારે પવન ગત રાત્રિથી ફુકાતા જૂનાગઢ મહાનગર અને સમગ્ર પંથકમાં મીની વાવાઝોડા જેવું વાતાવરણ સર્જાયુ છે, હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે સવારે સાડા દશ વાગ્યે જૂનાગઢમાં પવન ૪૫ થી ૫૦ કિલોમીટરની ગતિએ ફૂંકાયો હતો, જેના કારણે સમગ્ર જૂનાગઢમાં ધૂળની ડમરીઓ ઉડતી હતી અને વાતાવરણ ઠંડુગાર બની જવા પામ્યુ હતું. બીજી બાજુ ભારે પવનના કારણે ગિરનારનો રોપ-વે આજે વહેલી સવારથી જ બંધ રહેવા પામ્યો હતો. જ્યારે ગિરનાર પર્વત ઉપર સીડી ચડી પહોંચેલા યાત્રાળુઓ ભારે શિત પવનના કારણે ઠંડીથી થરથરી ફસાયા હોવાના અહેસાસ કરી રહ્યા હતા.

આમ જોઈએ તો, જૂનાગઢ શહેરનું આજે સવારે ૮ વાગ્યે નોંધાયેલા આંકડા મુજબ મેક્સિમમ તાપમાન ૧૯.૨ તથા મિનિમમ તાપમાન ૧૬.૮ ડિગ્રી હતું. પરંતુ ભેજનું પ્રમાણ ૩૭ % નોંધાતા હવામાનમાં આ સખડ ડખડ ઊભી થવા પામી છે. તેમ જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના ડો. ધીમંત વઘાસીયા જણાવી રહ્યા છે, ડો. ધીમંત વઘાસીયા ના જણાવ્યા મુજબ ભેજનું પ્રમાણ ઘટતા પવનની ગતિ ૪૫ થી ૫૦ કિમી સુધી પહોંચી છે. અને ભેજની વધઘટ થતાં હજુ આગામી બે દિવસ શીત પવનનું પ્રમાણ વધુ રહેશે અને ઠંડી પણ અનુભવાશે.

# શાપર-વેરાવળ પોલીસે દેશી તમંચો અને કાર્ટીસ સાથે બે ઝડપાયા

### પરપ્રાંતીય અક્ષય અને રેવાસિંહ તમંચો વેચે તે પૂર્વે જ પીએસઆઇ એસ. જે. રાણાની ટીમે દબોચી લીધા



રાજકોટ તા. ૪

શાપર-વેરાવળ પોલીસે દેશી તમંચો અને કાર્ટીસ સાથે બે શખ્સોને ઝડપી લીધા હતાં. પકડાયેલ બન્ને દેશી તમંચો વેચવાની પેરવીમાં હતા તે પૂર્વે જ પોલીસે ઝડપી લીધા હતાં.

શાપર પોલીસને હકકીત મળેલ કે શાપર (વે.) પી. એસ. પ્લાયવુડ કારખાના પાસે આવેલ શીવ વે. બ્રિજની સામે સર્વિસ રોડ ઉપર બે ઇસમો હથીયાર વહેચવાની પેરવીમાં છે જે બાબતે તુર્ત જ વર્કઆઉટ કરી રેઇડ કરતા (૧) અક્ષય ઉર્ફે અજય રામનરેશ જાટબ (ઉ.૨૩) ધંધો મજૂરી રહે. હાલ વેરાવળ (શા.) પોલીવીન પાઇપ ઇન્ડસ્ટ્રીઝ કારખાનાની સામે ગીરીરાજ કારખાનાની ઓરડીમાં મુળ એરવાકટરા તા. બીદુના જી. ઓરૈયા યુ.પી. તથા (૨) રેવાસિંહ સંજયસિંહ ધુર્વે (ઉ.વ.૧૯) ધંધો મજૂરી રહે. હાલ વેરાવળ (શા) પોલીવીન પાઇપ ઇન્ડસ્ટ્રીઝ કારખાનાની સામે ગીરીરાજ કારખાનાની ઓરડીમાં તા. કો. સા. મુળ ખેતગાવ તા. અનુપપુર જી. સેહડોલ એમ. પી. ને દેશી બનાવટનો તમંચો (કટો)-૧ કિ. રૂા. ૫,૦૦૦ તથા જીવતા કાર્તુસ નંગ-૨, કિ. રૂા. ૨૦૦ સાથે ઝડપી લીધા હતાં. આ કાર્યવાહીમાં શાપર-વેરાવળ પો. સ્ટે. ના એ. એસ. આઇ. હરદીપસિંહ જાડેજા, પ્રભાતભાઇ બાલાસરા પો. હેડ કો. બ્રીજરાજસિંહ જાડેજા, પો. કો. દુષ્યાંતસિંહ રાણા, યોગીરાજસિંહ જાડેજા તથા નરેશભાઇ લીબોલા જોડાયા હતાં.

# વેપારીને જુગાર રમવા લઈ જઈ મિત્ર સહિત ત્રણે બંદૂક બતાવી રૂ.૩૦.૫૦ લાખ પડાવી લેતા ફરિયાદ

### ક્રાઇમબ્રાન્ચમાં કાવતરૂં, બળજબરીથી કઢાવું,ધમકી અને મારકુટની કલમ હેઠળ ગુન્હો

### ખિસ્સામાંથી રૂ.૨ લાખ, ૧૦ લાખની ગાડી લખાવી લીધી,ઘરે પત્નીને ફોન કરાવી રૂ.૧૭.૯૦ લાખ મિત્ર પુષ્કર મારફતે મોકલવાનું કહ્યું

રાજકોટ,તા.૪ :

મવડી ચોકડી પાસે આવેલા ઉદયનગરમાં રહેતા મૂળ જામનગરના ભાવેશભાઇ ધીરજભાઇ પાંભર (પટેલ) (ઉ.વ.૩૨)એ મયુર ફળદુ, હરદીપ વાળા અને મહિપાલ વાળા વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ભાવેશભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,મને મારા મિત્રએ વાત કરી હતી કે,તેમના એક મિત્રની વાડીમાં જુગાર ચાલે છે અને આપડે ત્યાં જુગાર રમવા જવાનુ છે.જેથી મે તેઓને કહ્યું કે,સારૂ જયારે જવાનુ હોય ત્યારે કહેજો તેમ વાત કરેલ હતી અને અમે ત્યાંથી છુટા પડ્યા હતા.બાદમાં તા.૨૯/૧૨/૨૦૨૨ ના સવારના આશરે અગીયારેક વાગ્યે મયુરભાઇનો ફોન આવ્યો અને કહ્યું કે, આપડે આજે જુગાર રમવા જવાનુ છે તુ બપોરના બાલાજી હોલે તારી ગાડી લઇને આવજે. બાદમાં અમે ગયા અને જુગાર રમતા હતા બાદમાં હરદીપ વાળા મને સાઇડમાં લઇ ગયેલ અને કહેવા લાગ્યો કે,તુ ચીટીંગ કરીને જુગાર રમે છે અને તે જુગારમાં બહુ રૂપિયા બનાવ્યા છે. હરદિપ તેની ગાડીમાંથી એક બંદુક લઇ આવ્યો અને તે બંદુક મારી સામે રાખી મને કહેવા લાગેલ કે,તારે અમને પચાસ લાખ રૂપિયા દેવા પડશે તો જ તને અહીંથી જવા દેશું નહીતર તને જાનથી મારી નાખશું જેથી મેં મયુરભાઇ ને કહેલ કે,આ બધુ શું છે તમે મને જુગાર રમવાનુ કહીને અહી લાવ્યા છો અને આ લોકો મારી સાથે આવુ શા માટે કરે છે તમે આ લોકોને સમજાવો તેમ કહેતા મયુરભાઇ કહેવા લાગ્યા કે,આ લોકો જેમ કહે તેમ કર નહીતર આ લોકો તને અહીથી જીવતો નહી જવા દે જેથી હું આ લોકો થી ખુબ જ ડરી ગયો હતો.

આ મયુરભાઇ પણ આ લોકો સાથે મળેલ છે જેથી મેં આ લોકોને કહેલ કે, મારી પાસે આટલા બધા રૂપિયા નથી મારી પાસે હાલમાં બે લાખ રૂપિયા જ છે તેમ કહેતા મહિપાલ એ મારા પાછલા ખીસ્સામાં રાખેલ રૂપિયા બે લાખ કાઢી લીધા હતા અને મે ગળામાં પહેરેલ સોનાની રૂદ્રાક્ષની માળા પણ કાઢી લીધી હતી અને આ મહિપાલ અને હરદિપે મારા ઘરે ફોન કરી વધારે રૂપિયા મંગાવવાની વાત કરી હતી અને મારી પાસે સ્પીકર ફોનમાં મારા ઘરે મારા પત્નિ ને ફોન કરી ઘરમાં જેટલા રૂપિયા હોય બધા ભેગા કરી ગણીને રાખે તેમ કહેવાનુ જણાવ્યું હતું.,ઘરમાં કુલ રૂ.૧૭,૯૦,૦૦૦ પડ્યા છે. જેથી આ હરદીપ તથા મહિપાલ એ મને કહેલ કે, તારી પત્નિ ને કે બધા રૂપિયા લઇને મવડી ચોકડી જાય અને મારો માણસ આવે તેને તે રૂપિયા આપી દે .તારે હજી અમને ત્રીસ લાખ દેવાના છે અને જો દશ દીવસમાં ત્રીસ લાખ નહી દે તો તારા ઘરે આવીને ફાયરીંગ કરી તને પતાવી દઇસ તેવી ધમકી આપવા લાગ્યા હતા અને કહેલ કે,તુ બાકીના ત્રીસ લાખ દઇશ એટલે તારી ગાડી, રૂદ્રાક્ષની માળા તથા મોબાઇલ ફોન તને મળી જાશે અને આ વખતે હું ખુબ જ ડરી ગયેલ હતો અને આ લોકોથી છુટકારો મેળવવા માંગતો હતો.જેથી મે તેઓએ કહેલ બધી વાતમાં હા પાડેલ હતી.જેથી બાદમાં અમો રાજકોટ આવવા નીકળેલ હતા અને રાજકોટ ઉમીયા ચોક ખાતે પહોંચતા આ હરદીપ અમને ત્યાં ઉતારી મારી અરટીગા ગાડી લઇને જતો રહેલ હતો અને અહી ઉતર્યા બાદ મે મયુરભાઇ ને કહેલ કે,તમે જાણી જોઇને મને આ લોકો પાસે લઇ ગયા હતા તેમ કહેતા મયુરભાઇ એ કહેલ કે, બાકી ના ત્રીસ લાખ દશ દિવસમાં પુરા કરી દેજે નહીતર તારા ઘરે આવશે અને તને પતાવી દેશુ તેવી ધમકી આપેલ હતી.જેથી પરિવારને વાત કર્યા બાદ ક્રાઇમ બ્રાન્ચમાં ફરિયાદ કરી હતી.

### રાજકોટ શહેર પોલીસ કર્મચારીઓના પરીવારજનો માટે

# ટ્રાફીક અંગેની જાગૃતિ અને માર્ગદર્શન સેમિનાર તથા લોકદરબાર યોજાયો





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ .તા.૪

શહેર પોલીસ કમિશનરની સુચના અન્વયે તેમજ અધિક પોલીસ કમિશનર ટ્રાફિકના માર્ગદર્શન હેઠળ પોલીસ હેડ કવાર્ટર તાલીમ ભવન ખાતે પોલીસ અધિકારી/કર્મચારીના પરીવારજનોમાં વાહન ચલાવતી વખતે હેલ્મેટ પહેરવા તથા શીટબેલ્ટ બાંધવા અંગે જાગૃતિ લાવવા અંગેનો સેમિનાર યોજાયો હતો, આ સેમિનારમાં મદદનીશ પોલીસ કમિશનર ટ્રાફીક શાખા, પો.ઇન્સ.નકુમ, એમ.બી.મકવાણા- આર.પી.આઇ તથા એસ.બી.ઝાલા આર.પી.આઇ તેમજ નિવૃત આર.ટી.ઓ અધિકારી શાહ તેમજ પોલીસ પરીવારજનો મોટી સંખ્યામાં મહિલાઓ સહિત ૨૦૦થી વધુ સંખ્યામાં હાજર રહ્યા હતા.આ સેમિનારમાં નિવૃત આર.ટી.ઓ અધિકારી શાહે પોલીસ કર્મચારીઓના પરીવારજનોને ટુ વ્હીલર / ફોર વ્હીલર વાહન ચલાવતી વખતે જીવનની સુરક્ષા અને સલામતી માટે હેલ્મેટ પહેરવા તથા શીટ બેલ્ટ બાંધવા અંગે જાગૃતિ લાવવા માટે જુદી-જુદી સ્લાઇડ બતાવી માર્ગદર્શન આપેલ તેમજ નાયબ પોલીસ કમિશનર ટ્રાફિક શાખા તથા મદદનીશ પોલીસ કમિશનર ટ્રાફિક શાખાનાઓએ હેલ્મેટ પહેરવા તથા શીલ્ટ બેલ્ટ ફરજીયાત બાંધવા. હાજર રહેલ પોલીસ પરિવારની મહિલાઓ તથા તેમના પરીવારના સભ્યોને હેલ્મેટ તથા શીટ બેલ્ટ પહેરવા ઇમોશનલ વિનંતી કરવા જણાવ્યું હતું. આ કાર્યક્રમ પુર્ણ થયા બાદ નાયબ પોલીસ કમિશન ટ્રાફિક શાખા તરફથી પોલીસ પરીવારના મહિલાઓ માટે લોકદરબાર રાખવામાં આવેલ જેમા પોલીસ પરીવારની બહેનોની વિવિધ રજૂઆતોની લેખિત નોંધ સાથે સાંભળવામાં આવેલ હતી.

## રાજકોટ ક્રાઈમ

### ચાઈનીઝ દોરી સાથે બે ઝડપાયા

રાજકોટમાં ચાઇનીઝ દોરી સાથે બે શખ્સને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ઝડપી લેવામાં આવ્યા છે. મોનો સ્કાય કંપનીની ૧૫ રીલ સાથે બે વ્યક્તિઓને ઝડપી પાડયા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે રાજકોટમાં ચાઈનીઝ દોરી સાથે બે વ્યક્તિને ઝડપવામાં આવ્યા છે. ચાઈનીઝ દોરી મોનો સ્કાય કંપનીની ૧૫ રીલ બંનેને ઝડપી લેવામાં આવ્યા છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ઝડપી લેવામાં આવ્યા છે. ઝડપવામાં આવેલા સંજય જીંજુવાડીયા અને પ્રકાશ પરમાર નામના વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે.

### બનેવી પર સાળા સહિત ત્રિપુટીનો હુમલો

રાજકોટ : શહેરના સાગરનગરમાં રહેતો દીપક સવજીભાઈ કુંઢીયા (ઉ.૬૦) બપોરે યાર્ડથી શાકભાજીની રીક્ષા ભરી થાન જતા હતા ત્યારે ત્રીમંદિર પાસે સાળો રમણીક સવાભાઇ ચારોલીયા બે અજાણ્યા શખ્સો સાથે કાર લઇ ઉભો હતો તેણે બે વર્ષથી મનદુ:ખ ચાલતુ હોય તેનો ખાર રાખી ગાળો ભાંડી ઢીકાપાટુનો માર માર્યો હતો જેથી આ અંગે કુવાડવા રોડ પોલીસમાં ત્રણેય ફરિયાદ નોંધાવી હતી.

### સિક્યુરીટી ગાર્ડ પર બે અજાણ્યા શખ્સોનો હુમલો

રાજકોટઃ શહેરના કોઠારીયામાં રિદ્ધિ સિદ્ધિ પાર્કમાં રહેતા અને પેટ્રોલ પંપમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા મનોજભાઈ બાબુભાઈ શખ્સોએ પાઈપથી હુમલો કર્યો હતો જેથી હોસ્પિટલે દાખલ થયો હતો અને બે અજાણ્યા શખ્સો સામે માલવિયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# છ મહિલા સહિત ૧૦ વ્યક્તિ દ્વારા મરચાંની ભૂકી છાંટી હુમલો કરી લૂંટ

### હાજાપર ગામે જમીન માપણી કરવા જતા બનેલો બનાવ

રાજકોટ.તા.૪

મોરબી રોડ, બજરંગ પાર્ક-૭માં રહેતા અને હાજાપર ગામના પૂર્વ સરપંચ વિક્રમભાઇ વિભાભાઇ લાવડિયા નામના ખેડૂતે હાજાપર ગામે રહેતા ચમન બચુ સોલંકી, રામ બચુ સોલંકી, ગંગાબેન ચમન સોલંકી, સમજુબેન રમેશ સોલંકી, જાનીબેન રામ સોલંકી, વનરાજ રાજુ સોલંકી, લલિત રાજુ સોલંકી, શીતલબેન જકા સોલંકી, ગીતાબેન અરવિંદ, મુક્તાબેન ચંદુ સોલંકી સામે હુમલો કરી લૂંટ ચલાવ્યાની ફરિયાદ નોંધાવી છે.

ખેડૂત વિક્રમભાઇની ફરિયાદ મુજબ, હાજાપર ગામે મિત્ર અનિલભાઇ ખૂંટની વાડી આવેલી છે. જે ખેતીની જમીનમાં પોતે ભાગીદાર હોય અગાઉ જમીનની સરકારી માપણી કરાવી ખૂંટા માર્યા હતા. જે ખૂંટા કાઢી નાંખ્યા હોય ગત તા.૨૭-૧૨ના રોજ ફેર માપણી કરવા પોતે, પરેશભાઇ ટીંબાભાઇ બોરીચા, ભગીરથસિંહ સુરૂભા વાળા, ફેન્સિંગવાળા હાસમભાઇ જુમાભાઇ દોઢિયા સાથે વાડીએ ગયા હતા.

ત્યારે ખાનગી સર્વેયર અમિતભાઇ પણ આવ્યા હતા. સર્વેયર ખેતીની જમીનમાં ઊભા હતા. ત્યારે બાજુમાં જ વાડી ધરાવતા ચમન સોલંકી સહિતનાઓ અમારી વાડીમાં આવ્યા હતા. ત્યારે ચમન અને ગંગાબેને તમે અહીં શું કરો છોનું કહ્યું હતું. જેથી અમે અમારી ખેતીની જમીનની માપણી કરાવીએ છીએનું કહ્યું હતું. ત્યારે તેઓએ અહીં બધી જમીન અમારી છે, અહીં માપવા આવવું નહિ તેમ કહી દેકારો કરી ગાળો ભાંડવા લાગ્યા હતા. આ સમયે ચમનભાઇ, જાનીબેને લાલ મરચાંની ભૂકી પોતાના અને સાથે રહેલા લોકો પર છાંટી હતી. જેથી બધાને આંખમાં બળતરા થવા લાગી હતી.

આ સમયે ચમન અને ગંગાબેને ઝપાઝપી કરી ખિસ્સામાં રહેલું રોકડા રૂ.૨૦ હજાર તેમજ અન્ય દસ્તાવેજો સાથેનું પર્સ કાઢી લીધું હતું. તેમજ હાથમાં પહેરેલી ચાંદીની લકી લૂંટી લીધી હતી. ત્યારે વનરાજે પોતાને ધોકાથી માર મારતા પોતે ત્યાંથી ભાગ્યા હતા. આ સમયે લલિત ધારિયા સાથે પોતાને મારી નાખવાના ઇરાદે પાછળ દોડ્યો હતો. ફેન્સિંગ બાંધવા વાળા હાસમભાઇને પણ માર મારી ઇજા પહોંચાડી હતી.

હુમલા થતાની સાથે જ પોતાની સાથે આવેલા પરેશભાઇ, ભગીરથસિંહ, સર્વેયર અમિતભાઇ તેમના વાહન લઇ ત્યાંથી જતા રહ્યાં હતા. બાદમાં ચમન સોલંકી સહિતનાઓ પણ હુમલો કરી ભાગી જતા પોતે મહામહેનતે સારવાર માટે હોસ્પિટલ પહોંચી સારવાર લીધી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. બનાવના આઠ દિવસ બાદ કુવાડવા રોડ પોલીસે ધાડ સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

# હડાળાનો શખ્સ વિદેશી દારૂની ૧૨૦ બોટલ સાથે ઝડપાયો

રાજકોટ.તા.૪

શહેરના મોરબી રોડ પર બી ડિવિઝન પોલીસ મથકે સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે બાતમીને આધારે જુના મોરબી રોડ પર હડાળા શખ્સને વિદેશી દારૂની ૧૨૦ બોટલ અને રીક્ષા સહિત રૂા.૧.૨૧ લાખ મુદામાલ સાથે ઝડપી લીધો હતો.વધુ વિગતો મુજબ,બી ડીવીઝન પોલીસ મથકના પીએસઆઈ કે.ડી.મારૂ કોન્સ્ટેબલ જયદિપસિંહ બોરાણા અને પંકજભાઈ માળી સહિતનો સ્ટાફ પારેવડી ચોક પાસે પેટ્રોલીંગમાં હતો ત્યારે તેઓએ બાતમીના આધારે જુના મોરબી રોડ પર કોર્ડન કરી જી.જે.૩૬.યુ.૮૦૦૦ નંબરની રીક્ષાને અટકાવી તેમાં બેસેલા શખ્સની પુછપરછ કરતા પોતે પોતાનું નામ ઈકબાલ ઈબ્રાહીમ શાહમદાર હોવાનું જણાવ્યું હતુ તેમજ પાછળની શીટ પર ૩ બોક્સને નીચે ઉતારી તપાસતા તેમાંથી વિદેશી દારૂની ૧૨૦ બોટલ મળી આવી હતી.જેથી પોલીસે રીક્ષા અને દારૂના જથ્થા સહિત રૂ.૧.૨૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો પોતે દારૂનો જથ્થો મોરબી તરફથી લાવ્યો હોવાનું ઈકબાલ રટણ કરતો હોવાનું જણાવ્યું હતું. દારૂનો જથ્થો રાજકોટના બુટલેગરને પહોંચાડવાનો હતો. હાલ તેની વધુ પુછપરછ કરવામાં આવી રહી છે.

# પુષ્કરધામ રોડ પરથી ૩.૬૫ લાખના દારૂ ભરેલા બોલેરો સાથે શખ્સ ઝબ્બે

### વિદેશી દારૂની ૧૬૦૮ બોટલ,બોલેરો મળી ૮.૬૫ લાખનો મુદ્દામાલ કબ્જે

રાજકોટ.તા.૪

યુનિવર્સિટી રોડ પર પુષ્ક.રધામ રોડ કેવલમ સોસાયટીની સામે સરકારી આવાસ યોજનાના કવાર્ટર પાસેથી યુનિવર્સિટી પોલીસે બાતમીના આધારે રૂા.૩૬,૬૪૦ કિંમતના વિદેશી દારૂનો જથ્થોર ભરેલી બોલેરો સાથે કોઠારિયા રોડ કિર્તિધામ સોસાયટીના શખ્સોને પકડી લીધો હતો.વધુ વિગતો મુજબ,પુષ્કસરધામ રોડ કેવલમ સોસાયટીની સામે આવાસ યોજનાના કવાર્ટર પાસે દારૂનો જથ્થો ભરેલી બોલેરો નીકળવાની હોવાની યુનિવર્સિટી પોલીસ મથકના સ્ટાફને બાતમી મળતા પી.આઇ. એ.બી.જાડેજાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ બી.આર.ભરવાડ સ્ટાતફ સાથે પુષ્કપરધામ પાસે વોચમાં હતા.ત્યારે એક એકસેસનો ચાલક ત્યાંથી ચક્કર લગાવીને જતો રહ્યો હતો. થોડીવાર બાદ એકસેસ અને બોલેરો કેવલમ સોસાયટીની સામે સરકારી કવાર્ટર પાસે આવેલી આંગણવાડી ખુલ્લી જગ્યા માં આવતા પોલીસે દરોડો પાડતા બોલેરોનો ચાલક શાહરૂખ અનવરભાઇ સમાને પકડી લીધો હતો.બોલેરોમાંથી રૂા.૩, ૬૫, ૬૪૦ ની કિંમતની વિદેશી દારૂની ૧૬૦૮ બોટલ મળી આવતા પોલીસે બોલેરો ચાલક શાહરૂખ સમાની ધરપકડ કરી બોલેરો તથા દારૂનો જથ્થો મળી રૂ. ૮,૬૫,૬૪૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. શાહરૂખ ઉર્ફે રીઝવાન સાહબુદ્દીનભાઇ બેલીમનો હોવાની કબુલાત આપી હતી ત્યાંથી બોલેરો લઇને કેવલમ સોસાયટી સુધી પહોંચાડવા માટે શાહરૂખ ઉર્ફે રીઝવાન સાથે ૫ હજાર નકકી થયા હતા.પોલીસે કેવલમ આર.એમ.સી. આવાસ યોજના કવાર્ટરના બુટલેગર શાહરૂખ ઉર્ફે રીઝવાન સાહબુદ્દીનભાઇ બેલીમની શોધખોળ આદરી છે.

# પંજાબથી દારૂ ભરેલા ૩ ટ્રક ધમધમાટ રાજકોટ પહોંચી ગયા અને એકપણ ચેકપોસ્ટ નડી નહીં?

# રાજકોટમાં બે ટ્રક પકડવાની કામગીરીમાં એકાએક જાદુઈ રીતે ભાગબટાઈ પાછળ સ્થાનિક પોલીસની આબરૂ બચાવવાનો ખેલ?!



બાતમી ૩ ટ્રકની હતી, એક પકડ્યો મોનીટરીંગ સેલની ટીમે, બીજો અચાનક સ્થાનિક પોલીસે પકડ્યો, એક જ વિસ્તારમાં બંને ટ્રક હોવા છતાં સેલની ટીમે ન પકડ્યો તેની પાછળનું રહસ્ય ઉકેલવા જાણકારોની મથામણ

પંજાબથી ૩ ટ્રક આવ્યા બાદ બે પકડાયા તો ત્રીજો ટ્રક ક્યાં ગયો? શહેરમાં ચર્ચાઈ રહ્યા છે અનેક સવાલ

ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલની દરોડાની કાર્યવાહી અને એક જ સ્થળેથી થોડા અંતરે પકડાયેલા દારૂ ભરેલા ટ્રકને લઈને જાતજાતના તર્ક–વિતર્ક, રહસ્યના આટાપાટા

છેક પંજાબથી ટ્રક આવ્યાની માહિતી હતી તો રસ્તામાં કેમ રોકી લેવાયા નહીં અને છેક રાજકોટ સુધી આવા દેવાયા? સ્થાનિક પોલીસની વેરવિખેર થતી જતી પ્રતિષ્ઠા બચાવવાનો ખેલ ખેલાઈ રહ્યો હોવાની ભારે ચર્ચા

શહેરમાં બુટલેગરો ટ્રક મોઢે દારૂ લાવી રહ્યા હતાઃ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓને કેમ જાણ નહીં, ક્રાઈમ બ્રાન્ચને કામે લગાડવામાં ન આવતા ચારેતરફથી ઉભા થઈ રહ્યા છે ભેદભરમ ભર્યા પ્રશ્નો







**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૪

રાજકોટ શહેર ધીમેધીમે માત્ર રાજ્ય નહીં પણ આંતર રાજ્ય બુટલેગરો માટે આસાન બની રહ્યું હોવાની હકીકત ચોંકાવનારી રીતે રાજકોટની ધરતી પર સાકાર થઇ રહેલી દેખાઈ છે. કેમકે રાજકોટને રેઢું પળ માનીને છેક રાજસ્થાન અને પંજાબથી ટ્રકોમાં ભરાઈ ભરાઈને દારૂની સર્વાણી વહાવવામાં આવી રહી છે અને સૌરાષ્ટ્રભરમાં દારૂનો રેલો પહોંચી રહ્યો છે. બીજીતરફ કાયદો વ્યવસ્થા જાળવતા તંત્રની કામગીરીને લઈને પણ અનેક રહસ્યમય સવાલો ઉભા થઇ રહ્યા છે. રાજકોટમાં ફરી એકવખત સ્ટેટ મોનીટરીંગ સેલ ગાંધીનગરની ટીમ દ્વારા શહેરની ભાગોળેથી દારૂ ભરેલો ટ્રક ઝડપી લેવાયો. ત્યારે પોલીસ માટે નીચાજોણું થયું હતું ત્યાં અચાનક ગણતરીની મિનિટોમાં એ જ વિસ્તારમાંથી એરપોર્ટ પોલીસે દારૂ ભરેલો બીજો ટ્રક પકડી પાડતા અનેક રહસ્યના સવાલો જાણકારોમાં ચર્ચાઈ રહ્યા છે. શું આ સચોટ બાતમી અને સારી કામગીરીના આધારે ટ્રક પકડાયો છે કે, જાદુઈ ખેલ કરીને સ્થાનિક પોલીસની આબરૂ જાળવવા માટે કોઈ મોટો ખેલ કરવામાં આવ્યો છે એ સવાલ શહેરીજનોમાં કોયડારૂપ બન્યો છે. જાણકારો પાસેથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર પંજાબથી દારૂ ભરેલા ૩ ટ્રક આવી રહ્યાની બાતમી સ્ટેટ મોનીટરીંગ સેલને પહેલાથી મળી ગઈ હતી. નવાઈની વાત એ છે કે બાતમી મળ્યા પછી પંજાબમાં આ ટ્રક ગુજરાતની બોર્ડર સુધી પહોંચી ગયા, ગુજરાતની સરહદ પાર કરી ધમધમાટ કરતા છેક રાજકોટ પહોંચી ગયા, છતાં ત્રણેય ટ્રક તમામ ચેકપોસ્ટ પાર કરી ગયા અને કોઈને ગંધસુધ્ધા ન આવી.

ત્રણેય ટ્રક બામણબોર જીઆઈડીસીમાં પડ્યા હોવાની એસએમસીને ક્યાંકથી માહિતી મળી અને એસએમસીના પીઆઈ રવિરાજસિંહ જાડેજાની આગેવાની હેઠળની ટીમે રાજસ્થાન પાસીંગના ટ્રકમાંથી ૧૦૦૭ જેટલી દારૂની પેટી ઝડપી લીધી. હવે સાચો ખેલ શરૂ થાય છે જે જાણવા જેવો છે.

આ ટ્રક મોનીટરીંગ સેલ દ્વારા પકડી લેવાયા બાદ એ જ વિસ્તારમાં થોડા દુરથી એરપોર્ટ પોલીસ અચાનક બીજો ટ્રક પણ પકડી પાડે છે. કચ્છ પાસીંગના ટ્રકમાંથી ૭૬૦ પેટી દારૂ પકડાઈ જાય છે અને આ ભવ્ય સફળતા એરપોર્ટ પોલીસના ખાતામાં નોંધાઈ જાય છે. જે વિસ્તારમાં એસએમસીને બે ટ્રકની માહિતી મળી હોય તો એક જ કેમ પકડ્યો? શું બીજો ટ્રક ભાઈબંધીના નાતે પકડી લેવા માટે એરપોર્ટ પોલીસને સોંપી દેવાયો? સ્થાનિક પોલીસની ધૂળધાણી થઇ રહેલી આબરૂને બચાવવા માટે શું બીજા ટ્રકની કામગીરી એરપોર્ટ પોલીસના નામે ચડાવાઇ દેવાઈ છે? આવા અનેક સવાલ ભેદભ્રમના જાળા રચી રહ્યા છે.

બે ટ્રક પકડાયા તેની વચ્ચેનું ભૌગોલિક અંતર માત્ર એક હજાર મીટર જેટલું છે. જેના કારણે તેવી ચર્ચા થઇ રહી છે કે, બંને ટ્રક મોનીટરીંગ સેલ દ્વારા જ પકડવામાં આવી હતી પરંતુ ઉપરથી સૂચના મળી હોવાથી એક ટ્રક પોલીસ માટે બાકી રાખી તેની પ્રતિષ્ઠા ચમકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. નવાઈની વાત એ છે કે, ૩-૩ ટ્રક પંજાબથી નીકળ્યા, તેની બાતમી પણ મળી છતાં એ વિષે ક્રાઈમ બ્રાન્ચની ટીમને પણ જાણ કરવામાં આવી નહીં. ઉચ્ચ અધિકારીઓએ ક્રાઈમ બ્રાન્ચને કેમ કામે ન લગાડી તે અંગે પણ અનેક અનુમાનો થઇ રહ્યા છે. ૩ ટ્રકની બાતમી હોવા છતાં મોનીટરીંગ સેલની એક જ ટીમ આવી એ પણ આશ્ચર્યજનક હકીકત છે. હજુ ત્રીજા ટ્રક અંગેનું રહસ્ય તો અણઉકેલ જ રહ્યું છે. એ કઈ રીતે અલોપ થઇ ગયો અને તેનો દારૂ રાજકોટમાં ક્યાંક ઠલવાયો કે અન્યત્ર થઇ ગયો. એ રહસ્ય પણ હજુ અકબંધ રહ્યું છે. એવું કહેવાય છે કે, ટ્રકના ચાલકોને પંજાબથી જ લોકેશન મળવાનું શરૂ થઇ ગયું હતું અને લોકેશન મુજબ ટ્રકચાલકો ગુજરાત તરફ આગળ વધતા રહ્યા હતા. ટ્રક બામણબોર આવ્યા ત્યારબાદ લોકેશન મળવાનું બંધ થયું હતું તેમ કહેવાય છે. સવાલ એ છે કે, ત્રીજો ટ્રક સેલ અને પોલીસને કઈ રીતે ચખ્મો આપીને ઘુસી ગયો અને પકડાયો નથી? આ તમામ સવાલોના જવાબ ઉચ્ચ પોલીસ અધિકારીઓએ શોધવાના રહે છે. કેમકે રાજકોટમાં દારૂની રેલમછેલની સાથે- સાથે દારૂ પકડવાની કામગીરી પણ રહસ્યમય બનતી જાય છે.(૨.૧૨)

# રાજકોટમાં 'ટ્રાફિક એપ' થી સરળ બનશે વાહન વ્યવહાર

## ટ્રાફિક જામ – રોડ બંધ વગેરેના ચોક્કસ અપડેટ આપશે એપ : ટ્રાફિક પોલીસ ટૂંક સમયમાં એપ ડેવલપર સાથે હાથ મિલાવશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ તા. ૪ :

રાજકોટ ગુજરાતનું પહેલું શહેર બનશે, જ્યાં વાહનચાલકો 'મેપ માય ઇન્ડિયા' મોબાઇલ એપ્લીકેશન દ્વારા ટ્રાફિક અડચણોના રીયલ ટાઇમ અપડેટ મેળવી શકશે. આ સેવાનો લાભ મેળવનારા દેશના કેટલાક શહેરોમાં રાજકોટની પણ પસંદગી કરાઇ છે.

જો બધું આયોજન અનુસાર પાર ઉતરશે તો રાજકોટ ટ્રાફિક પોલીસ આ એપ બનાવનારાઓ સાથે આવતા અઠવાડિયે એમઓયુ કરશે, અત્યારે તેમની સાથે વાતચીત ચાલી રહી છે.

મોબાઇલ મેપ અત્યારે કોઇ અસામાન્ય વસ્તુ નથી પણ વાહન ચાલકો તેના દ્વારા રોડની એક્યુરેટ સ્થિતિ જેમકે વીઆઇપીના કારણે રોડ ટેમ્પરરી બંધ કરાયો હોય વગેરે બાબતો નથી જાણી શકતા. પણ આ એપ દ્વારા વાહન ચાલકો રોડ પર ચાલી રહેલ કામ, ડાયવર્ઝન જેવી માહિતી પણ વધુ ચોક્કસ રીતે જાણી શકશે. તેમ ટાઇમ્સ ઓફ ઇન્ડિયા જણાવે છે.

સૂત્રો અનુસાર રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ ડાયવર્ઝન, ટ્રાફિકજામ, રોડનું ખોદાણ, રોડ પરના સ્પીડબ્રેકર, રોડ પરના ખાડા, રોડ બંધ હોવાની સ્થિતિમાં સારામાં સારો વૈકલ્પિક માર્ગ, વીઆઇપીનો કાફલો પસાર થવો વગેરે માહિતીઓ એપ બનાવનારાઓને રીયલ ટાઇમ અપડેટ આપશે, જે એપ વાપરનારાઓને મળતી રહેશે.

ડેપ્યુટી કમિશનર (ટ્રાફિક) પૂજા યાદવે કહ્યું કે અમે એક નોડલ ઓફિસર ડેપ્યુટ કરીશું, જે અમારા ફિલ્ડ સ્ટાફ પાસેથી ટ્રાફિક અને રોડની માહિતી એકઠી કરશે અને એપને પહોંચાડતા રહેશે જેનાથી યુઝર વાહનચાલકોને મદદ મળશે. પોલિસ વાહન ચાલકોને પણ માહિતી આપવા આમંત્રણ આપશે પણ તેની ખરાઇ કર્યા પછી એપ પર જોઇ શકાશે. ટ્રાફિક પોલીસ અધિકારીઓનો દાવો છે કે અમે દરેક રોડ માટે સ્પીડ લીમીટ નક્કી કરેલી છે. જો કોઇ વધારે સ્પીડથી વાહન ચલાવશે તો આ એપ્લીકેશન ડ્રાઇવરને ચેતવણી આપશે અને સ્પીડ જાળવવા માટે કહેશે.

## મનપા દ્વારા વેરા વસુલાત કડક બનાવાઈઃ ૩૧.૮૦ લાખની રીકવરીઃ ૪ યુનિટને સીલ મરાયાઃ ૫૪ મિલ્કતો બાકી માંગણા સામે નોટીસો પાઠવાઈ

# જાહેરમાં ન્યુસન્સ કરતાં આસામીઓ પાસેથી ૨૭ હજારના દંડની વસુલાત

## રાજકોટ મનપા દ્વારા ૧૮ લોકો પાસેથી ૨૧૧ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૪

રાજકોટ શહેરને પ્લાસ્ટીક મુક્ત કરવા તથા લોકોમાં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે તા.૪/૧/૨૦૨૩ ના રોજ રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા સઘન સફાઇ, પ્રતિબંધિત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા આસામીઓને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. જે દરમ્યાન મધ્ય ઝોનના દાણાપીઠ, પરાબજાર, કોર્ટ ચોક, કંદોઇ બજારના વિસ્તારમાં કુલ-૧૮ આસામીઓ પાસેથી ૨૧૧.૬૦ કી.ગ્રા. જેટલુ પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા જાહેરમાં ન્યુસન્સ કરતા આસામીઓ પાસેથી રૂ.૨૭,૨૫૦ જેટલો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

આ કામગીરી મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરાના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પર્યાવરણ ઇજનેર નીલેશભાઇ પરમાર તથા નાયબ પર્યાવરણ ઇજનેર વલ્લભભાઇ જીંજાળાની આગેવાની હેઠળ સેનીટેશન ઓફિસર શાંતીલાલ જાખણીયા, કેતનભાઇ ગોંડલીયા, એસ.આઇ. મિતેષભાઇ જેઠવા, પી.પી. જોષી, મયુરભાઇ પરનાલીયા તથા એસ.એસ.આઇ. એ. એફ. પઠાણ, અનિલભાઇ વાળોદરા, કૌશલભાઇ દવે, દ્વારા પ્રતિંબંધીત પ્લાસ્ટીક ચેકીંગ તથા જાહેરમાં ન્યુસન્સ કરતા આસામીઓને દંડ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

# રાજકોટ જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભામાં ૮ કરોડના વિકાસ કામોને મંજૂરી



(તસવીરઃ પંકજ ડાભી)



## નાણાંપંચના આયોજન અંગે ચર્ચાઃ નવા રોડ–રસ્તા, પુલિયા સહિતના કામો ઝડપથી પૂર્ણ કરવા સૂચના

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૪

રાજકોટ જિલ્લા પંચાયતની આજે ખાસ સામાન્ય સભા મળી હતી જેમાં ૮ કરોડ જેટલા રૂપિયાના વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૨-૨૩ ના ૧૫ માં નાણાંપંચના જિલ્લા કક્ષાના ૧૦ ટકાના આયોજનમાં સુધારો કરવા સહિતના મુદ્દાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી.રાજકોટ જિલ્લા પંચાયતની આ ખાસ સામાન્ય સભામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના તાજેતરમાં અવસાન પામેલા પૂ.હીરાબાને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

જિલ્લા પંચાયતના સભાખંડમાં જિલ્લા પંચાયત પ્રમુખ ભૂપતભાઈ બોદરના અધ્યક્ષ સ્થાને મળેલી આ સામાન્ય સભામાં જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી સહિત નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને તમામ શાખા અધિકારીઓ અને જિલ્લા પંચાયત કારોબારી સમિતીના ચેરમેન સહદેવસિંહ જાડેજા તથા તમામ સમિતિ અધ્યક્ષો અને સભ્યો હાજર રહ્યા હતા.

આ બેઠકમાં અગાઉની સભામાં લીધેલા નિર્ણયો પર ભરવામાં આવેલા પગલાં, તા.૧૪-૧૦-૨૨ના રોજ મળેલી કારોબારી બેઠકની કાર્યવાહીની વિવિધ મુદ્દા ઉપર ચર્ચા કરવામાં આવી હતી.તેમજ કરોડો રૂપિયાના વિવિધ વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી.

તદ ઉપરાંત વર્ષ ૨૦૨૨-૨૩ના ૧૫માં નાણાંપંચ હેઠળના જિલ્લા કક્ષાના ૧૦ ટકાના આયોજનમાં સુધારો કરવા સહિતના વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી.જિલ્લા પંચાયત રાજકોટની સ્વ ભંડોળ યોજનાનો સપ્ટેમ્બર ૨૦૨૨નો પ્રગતિ અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો.

રાજકોટ જિલ્લા પંચાયતનાં વર્ષ ૨૦૨૩-૨૪ ના ૧૫ મું નાણાપંચના કામોનું આયોજન કરાયું હતું જેમાં માળખાગત કામો (અનટાઈડ) માટે કુલ રકમ ૩૯૪.૮૫ લાખ અને પાણીના કામો (ટાઇડ) માટે કુલ રકમ ૧૯૭.૦૦ લાખ

તથા સફાઈના કામો (ટાઇડ) માટે કુલ રકમ ૧૯૪.૫૦ લાખ આમ કુલ રકમ રૂપિયા - ૩૮૬,૩૫ લાખના એટલે કે ૮ કરોડ રૂપિયા જેટલી રકમના વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો

ફક્ત રૂ.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.